**સુવિચાર**
ગ્રહને શોધવા કરતાં આપણી અંદર રહેલા માંગલ્યને શોધવાની જરૂર છે.
:: સૌજન્ય ::
**નિલકંઠ જ્વેલર્સ**
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૪/૦૯/૨૦૨૪, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ ભાદરવા સુદ-૧ વર્ષ : ૧૫ અંક : ૨૨૨

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

ફ્રી ઓપરેશન શ્રેષ્ઠ સારવાર આધુનિક સુવિધા ફ્રી ઓપરેશન
અકસ્માત ઈજા-ફ્રેકચર, સિઝેરીયન પ્રસુતિ, સારણગાંઠ, વધરાવળ, પથરી-પ્રોસ્ટેટ-કિડનીના રોગો, રસોળી-ચરબીની ગાંઠ
ઘુંટણની ગાદી-તાણીયાની ઈજા, એપેન્ડીક્ષ, પિતાશયની પથરી, હરસ-મસા-ફિશર, સ્ત્રીઓમાં છાતીમાં ગાંઠ
ફ્રી ડાયાલીસીસ સારવાર
દૂરબીનથી ઓપરેશન
(લેપ્રોસ્કોપિક એન્ડ એન્ડોસ્કોપિક સર્જરી) ફ્રી
- પથરી,
- પ્રોસ્ટેટ,
- કિડનીના રોગો તથા એપેન્ડીક્ષ,
- પિતાશય વગેરેનાં લેપ્રોસ્કોપિક
- તથા એન્ડોસ્કોપિક પદ્ધતિ દ્વારા ઓપરેશન
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં,અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩,૯૯૭૮૨ ૨૩૦૦૦

## રેલ્વે ફાટક નજીક આવેલ ખાનગી પ્લોટ માલીકે માર્ગમાં ખોદાણ કર્યુ

# અમરેલીમાં જીઆઈડીસીનાં માર્ગને લઈને પુનઃ વિવાદ

**જીઆઈડીસીનાં ઉદ્યોગકારો અને નજીકનાં રહેણાંક વિસ્તારનાં રહેવાસીઓએ હલ્લાબોલ કર્યો**

**છેલ્લા ૪ મહિનાથી જીઆઈડીસીનાં માર્ગને લઈને ચાલતા વિવાદનું કોઈ સમાધાન મળતું નથી**

**બ્રોડગેજ રેલ્વે લાઈનની કામગીરી શરૂ થયા બાદ જીઆઈડીસીનાં વાહનો ચલાવવામાં મુશ્કેલીઓ**

**વરસતા વરસાદે સાંજનાં સમયે રેલ્વે ફાટક નજીક ટોળેટોળા ઉમટતા પોલીસ દોડી**








અમરેલી, તા. ૩

અમરેલીમાં આવેલ જીઆઈડીસીનાંવાહનોનેવર્ષોથીચાલતા માર્ગ પર અનેક આડશ આવતાં ઉદ્યોગકારોછેલ્લા ૪ મહિનાથીરજૂઆત કરતાં હોવા છતાં પદાધિકારીઓ કે અધિકારીઓ સમસ્યાઓનું સમાધાન શોધીશકતાનથીઅનેઆજેપુનઃવિવાદ થતાંટોળેટોળાએકત્રથતાંપોલીસઘટના સ્થળે દોડીહતી.

વિગત એવા પ્રકારની છે કે, અમરેલીમાંબ્રોડગેજરેલ્વેલાઈનનુંકામ શરૂથતાંરેલ્વેસ્ટેશનનેપણમોટુબનાવવું પડે તેમ હોવાથી રેલ્વે વિભાગે રેલ્વેનાં પાટા આસપાસ બંને બાજુની પોતાની માલીકીની જમીન પર બાંધકામ શરૂ કરેલ.

દરમિયાનજીઆઈડીસીનાં વાહનો વર્ષોથી રેલ્વે ફાટકની પાસેથી અવરજવરકરતાંહોયતેજમીનખાનગી માલીકીનીહોય તેઓએ એકાદ મહિના પહેલા તેમની જમીન ફરતે દીવાલ બનાવી લેતાજીઆઈડીસીનાંવાહનોની અવરજવર બંધ થઈ તે વાહનો હનુમાનપરામાર્ગપરશરૂથયા.

દરમિયાનમાં આજે સાંજે વરસતા વરસાદમાં અચાનક જીઆઈડીસીનાંઉદ્યોગકારો, નજીકમાં

અનુસંધાન પાના ૬ ઉપર

## મનિષ રવજીભાઈ પરમાર નામના

# અમરેલીનાં નાના માચીયાળા ગામનાં યુવકે કામધંધો ચાલતો ન હોય ઝેર પી લીધું

**સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર દરમિયાન મોત**

અમરેલી, તા. ૩

અમરેલી તાલુકાના નાનામાચિયાળાગામેરહેતામનિષભાઈ રવજીભાઈ પરમાર નામનાં ૩૦વર્ષિય યુવકનો કોઈ કામ ધંધો ચાલતો ન હોય અને કામ પણ મળતું ન હોય જેથી તા. ૨ ના રોજ ૧૨:૩૫ વાગ્યે પોતે કપાસમાં છાંટવાનીઝેરીદવાપીજતાસારવારમાટે અમરેલી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાયેલજયાંતેમનુંસારવારદરમ્યાન મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલછે.

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
64,250/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૦૩/૦૯/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

નારી વુમન્સ & ચિલ્ડ્રન હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
દુરબીનથી થતા ગર્ભાશય અને અંડાશયની ગાંઠના ઓપરેશનની સેવાઓ ઉપલબ્ધ...
ડૉ. ચિરાગ વી. કુબાવત (M.B.D.G.O.) (સ્ત્રીરોગ નિષ્ણાંત)
Diploma in Gynec Endoscopy (FRANCE)
ઉપલબ્ધ સુવિધાઓ :- નોર્મલ/જોખમી સિઝેરીયન ડીલીવરી, પેઈનલેસ (પીડા રહીત ડીલીવરી) 3D/4D કલર ડોપ્લર/ખોડખાપણની સોનોગ્રાફી, ટાંકાવાળુ, ટાંકાવગરનું તથા દુરબીનથી થતા ગર્ભાશયના ઓપરેશન, વંધ્યત્વની વૈજ્ઞાનિક/આધુનિક સારવાર/IUI = ૨૪ કલાક કાર્યરત, લીફટ, લેબોરેટરી, એમ્બ્યુલન્સની સુવિધા
ડૉ. ઉપાસના સી. કુબાવત (M.B.D.C.H.) (નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત)
ઉપલબ્ધ સુવિધાઓ :- રસીકરણ કેન્દ્ર, નવજાત શિશુ દાખલ કરવા અદ્યતન NICU, આહાર સબંધીત સમસ્યાઓ, કુપોષણવાળા બાળકોની સર્વાંગી તપાસ/સારવાર, જન્મથી ૧૭ વર્ષ સુધીના બાળકોની તપાસ/સારવાર
ઓપીડી સમય : સોમ-શનિ, સવારે ૯ થી ૨, સાંજે ૫ થી ૮
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
(02792) 221324

## માર્ગનાં આંદોલન દરમિયાન ઘટના બની

# અમરેલીનાં જીઆઈડીસી વિસ્તારમાં ચાલતુ દારૂનુ વેચાણ બંધ કરાવવા માંગ

**સ્થાનિકોએ ના.પો. અધિકારીને રજુઆત કરી**



અમરેલી, તા. ૩

અમરેલીનાં વરસડા રેલ્વે ફાટક પાસે જીઆઈડીસી વિસ્તારનાં ઉદ્યોગકારો અને રહેવાસીઓએ ચકકાજામ કરતાંવિભાગીય પોલીસ

અનુસંધાન પાના ૬ ઉપર

## માર્ગ ઉપર ચાલીને જતાં હોય કાળ પહોંચી ગયો

# લાઠીનાં ચાવંડ માર્ગ ઉપર વાહનચાલકે હડફેટે લેતા વીરપુરનાં વ્યકિતનું મોત થયું

**સ્થાનિક પોલીસે વાહનચાલકની શોધખોળ આદરી**

અમરેલી, તા. ૩

લાઠીતાલુકાનાવીરપુરગામે રહેતાઅશોકભાઈશાંતિભાઈચૌહાણના નાનાભાઈ સુરેશભાઈ તા. ૨ ના રોજ રાત્રીના આશરે સાડા આઠેક વાગ્યે

અનુસંધાન પાના ૬ ઉપર

### ગામનાં પૂર્વ સરપંચ જે.બી. ગજેરા અને પૂર્વ ઉપપ્રમુખ વિઠ્ઠલભાઈ ગજેરાનો આક્ષેપ

# હે રામ : શેડુભારમાં લાખો રૂપિયાનું "વાસ્મો" યોજનાનું કૌભાંડ

**ખોબા જેવડા ગામમાં પીવાનાં પાણીની કામગીરીમાં ત્રીજા ભાગની રકમની ઉચાપત થયાનાં આક્ષેપથી ચકચાર**

**ગ્રામ્ય જળ સમિતિ, એજન્સી અને વાસ્મોનાં અધિકારી દ્વારા કામ કર્યા વગર એમબીમાં વધારે કામ લખીને થઈ ઉચાપત**

**રૂપિયા ૧.૩૨ કરોડનાં કામમાં રૂપિયા ૩૮ લાખ જેવી રકમની ઉચાપતનાં આક્ષેપથી ચકચાર**

**"ખાતો નથી ખાવા દેતો નથી"ની ગુલબાંગો વચ્ચે ખાવું છે તેને કોઈ રોકતું પણ નથી**

અમરેલી, તા. ૩

અમરેલી જિલ્લામાં માર્ગ–મકાન વિભાગ બાદ "વાસ્મો" વિભાગ ધ્વારા પણ બેફામ ભ્રષ્ટાચાર થતો હોવાની ફરિયાદ અવારનવાર ઉભી થતી હોય છે. ભ્રષ્ટ અધિકારી, બેઈમાન એજન્સી અને અમુક પદાધિકારીની મિલીભગત એટલે કે ત્રિપુટી (ટુકડે–ટુકડે ગેંગ) જનતાનાં પરસેવાનાં પૈસા કેવી રીતે ઘરની તિજોરી ભેગા કરવા તેના આયોજન હંમેશા કરતી હોય છે.

દરમિયાનમાં અમરેલીનાં ખોબા જેવડા શેડુભાર ગામની જનતાને પીવાના પાણી માટેની પાઈપલાઈન બિછાવવા સહિતની કામગીરી માટે રૂપિયા ૧.૩૨ કરોડ જેવી ઉપાડવામાં આવી. જેમાંથી રૂપિયા ૩૮ લાખ જેવી રકમની ગ્રામ્ય જળ અને સ્વચ્છતા સમિતિ, એજન્સી અને વાસ્તોનાં અધિકારીએ ખોટી એમબી બનાવી જેમાં વધારે કામ થયાનું દર્શાવી અંગત લાભ માટે ઉચાપત કર્યાનો આક્ષેપ તાલુકા પંચાયતનાં પૂર્વ ઉપપ્રમુખ વિઠ્ઠલભાઈ ગજેરા અને પૂર્વ સરપંચ જે.બી. ગજેરાએ મુખ્યમંત્રીને પત્ર પાઠવીને કરીને તટસ્થ તપાસ કરવાની માંગ કરેલ છે.

### એસપીની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચનો સપાટો

## ગમાપીપળીયા ગામનાં આરોપીને સુરતનાં ગુન્હામાં ૪ વર્ષથી ફરાર હોય ઝડપી લેવાયો

**ટેકનિકલ સોર્સનાં આધારે કરાઈ અટકાયત**

અમરેલી, તા. ૩

અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ.પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમે સુરત શહેર ડી.સી.બી.પોલીસ સ્ટેશનના આઈ.પી.સી. કલમ ૪૦૬, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦ (બી)ના ગુનાનો આરોપી અશ્વિનભાઈ રમેશભાઈ પાનશેરીયા, (રહે. હાલ સુરત, અને મુળ ગમાપીપળીયા, તા. બાબરા) પોતાની ધરપકડ ટાળવા માટે છેલ્લા ૪ વર્ષથી નાસતો ફરતો હોય, આ લીસ્ટેડ



આરોપીને ચોકકસ બાતમી હકિકત તેમજ ટેકનીકલ સોર્સ આધારે પકડી પાડી ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

### ડેપો મેનેજરને આવેદનપત્ર પાઠવ્યું

## બગસરાનાં મુસાફર એસોસીએશને એસ.ટી. રૂટ બાબતે રજૂઆત કરી

**રાજકોટ જતી બસને બાયપાસ ચલાવવા માંગ**

બગસરા, તા. ૩

મુસાફર એસોસીએશન દ્વારા ડેપો મેનેજરને આવેદન આપી ડેપોની સમસ્યા વિશે ચર્ચાઓ કરવામાં આવી હતી. અહીંના ડેપો માંથી ઉપડતી બગસરાથી રાજકોટ જતી તમામ બસોને જાવકમાં ગોંડલ બસ સ્ટેશનને બાયપાસ કરવું તેમજ આવકમાં ગોંડલ બસ સ્ટેશનમાંથી આવવું. કેમકે હાલમાં રસ્તાનું કામ ચાલુ હોવાને લીધે ગોંડલ ડેપોમાં આવવા માટે ૧૮ કિલોમીટર જેટલું મોટું ડાયવર્ઝન આપવામાં આવેલ હોવાથી અહીથી જતા મુસાફરોને રાજકોટ જવામાં બહું લાંબો સમય લાગી જાય છે. જેના કારણે મુસાફરો પરેશાન થઈ જાય છે અને ના છૂટકે પ્રાઈવેટ વાહનોનો સહારો લેવો પડે છે જેના લીધે બસોની આવક પણ ઘટી ગઈ છે. કેમકે અન્ય પ્રાઈવેટ વાહનો બાયપાસ થઈને જતા રહેતા હોવાથી લોકો પ્રાઈવેટ વાહનો સહારો લેવા મજબૂર બની ગયા



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

છે. જેથી ડેપોની આવકને ફરી ચાલુ રાખવા માટે ગોંડલ ડેપોને બાયપાસ કરવામાં આવે જેથી ફરી લોકો એસ.ટી.માં મુસાફરી કરવા લાગે જેથી ફરી પાછી ડેપોની આવક વધી જાય અને બગસરા ડેપોમાં સફાઈ અપૂરતી હોવાના લીધે ઠેર ઠેર ગંદકીના ગંજ જોવા મળી રહ્યા છે જેને સફાઈ કરાવવામાં આવે તેમજ લાઈટો બંધ હાલતમાં છે જેને ચાલુ કરવામાં આવે તેમજ ડિજિટલ બોર્ડ પણ બંધ હાલતમાં છે જેને ચાલુ કરવામાં આવે અને રિપેર કરવા આપેલ પંખા પૈકી હજુ રીપર કરી લગાવામાં આવેલ નથી તેને ફરી ફીટ કરી ચાલુ કરાવવામાં આવે તેમજ બીજી અન્ય નાના મોટી ઘણી સમસ્યાઓને તત્કાલ નિવારણ કરવામાં આવે તે માટે મુસાફર એસોસીએશન દ્વારા બગસરા ડેપો મેનેજરને આવેદન આપવામાં આવ્યું હતું.

## બાબરામાં ભાદરવી અમાસે રાઈડસ વગરનો મેળો



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૩

બાબરામાં ભાદરવી અમાસનો મેળો વર્ષ બાદ યોજાયો ચકડોળ વગરનો મેળો છેલ્લા ઘણાં વર્ષોથી નીલકંઠ મહાદેવના મંદિરના પટાંગણમાં યોજાય છે ભાદરવી અમાસનો ત્રણ દિવસનો મેળો આજે મેળાનો બીજો બાબરા અન્ય તાલુકા મથકેથી આવે છે લોકો મેળો કરવાં આયોજકો દ્વારા રાઈટ ફિટ તો કરી પણ નો મળી પરમિશન રાઈટ જોવા મળી શોભાના ગાંઠિયા સમાન.

### મૂર્તિઓની બનાવટમાં વિશેષ કાળજી રાખવી

## શ્રી ગણેશજીની માટીની મૂર્તિ ૯ ફૂટ કરતા વધુ ઊંચાઈની મૂર્તિ બનાવવા, વેંચવા અને સ્થાપના કરવા પર પ્રતિબંધ

**પાણીમાં સરળતાથી ઓગળી ન શકે તેવા ઝેરી કેમિકલ યુકત રંગોનો ઉપયોગ કરવો પ્રતિબંધિત**

અમરેલી, તા. ૩

ગણેશઉત્સવના દિવસો છે ત્યારે અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ઉપરાંત પર્યાવરણ તથા નાગરિકોની સુરક્ષાને લક્ષમાં રાખી અમરેલી જિલ્લા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટએ જાહેરનામું પ્રસિદ્ધ કરી જઠરી પ્રતિબંધો મૂકયા છે.

જાહેરનામા મુજબ ગણેશજીની માટીની મૂર્તિ બેઠક સહિત ૯ ફૂટ કરતા વધુ ઊંચાઈની મૂર્તિ બનાવવા, વેંચવા કે સ્થાપના કરવી નહિ, જાહેર માર્ગ ઉપર પરિવહન કરવા તેમજ શ્રી ગણેશજીની પી.ઓ.પી.ની મૂર્તિ બેઠક સહિત ૫ ફૂટ કરતા વધુ ઊંચાઈની બનાવવા, વેંચવા કે સ્થાપન કરવા તથા જાહેર માર્ગ પર પરિવહન કરવા પર પ્રતિબંધ છે.

નક્કી કરવામાં આવેલા વિસર્જન સ્થળો અને મંજૂરી મેળવી હોય ત્યારે દર્શાવ્યા હોય હોય તે સ્થળ સિવાય અન્ય કોઈ સ્થળ ખાતે વિસર્જન કરવા, મૂર્તિકારો જે જગ્યાએ મૂર્તિઓ બનાવવાની કામગીરી કરે છે, તે જગ્યા તથા વેચાણ માટે રાખે છે તે જગ્યાની આજુબાજુ તથા નજીકમાં કોઈપણ પ્રકારની ગંદકી કરવા કે કોઈ પણ પ્રકારની મૂર્તિ રોડ ઉપર જાહેરમાં ખુલ્લી રાખવા ઉપર તથા મૂર્તિઓના સ્થાપન દિવસ બાદ વધેલી તથા ખંડિત મૂર્તિઓને બિનવારસી હાલતમાં મુકવા પર પ્રતિબંધિત છે.

મૂર્તિઓની બનાવટમાં પાણીમાં સરળતાથી ન ઓગળી શકે તેવા ઝેરી કેમિકલ યુક્ત રંગોનો ઉપયોગ કરવા, કોઈપણ ધર્મના લોકોની લાગણી દુભાઈ તેવા કોઈ ચિન્હો કે નિશાની વાળી મૂર્તિઓ બનાવવા ખરીદવા, વેચવા કે સ્થાપના કરવા ઉપર તથા વિસર્જન સરઘસ માટે પરમિટમાં દર્શાવવામાં આવેલા રૂટ સિવાય અન્ય રૂટ ઉપર શોભાયાત્રા – સરઘસ કાઢવા અને મૂર્તિઓને વિસર્જન કર્યા બાદ પાણીમાંથી બહાર કાઢી પરત લઈ જવા પર પ્રતિબંધ છે. આ જાહેરનામું તાત્કાલિક અસરથી તા. ૭/૯/૨૦૨૪ સુધી અમલી રહેશે. ભંગ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી થશે.

## બાબરા : તાપડીયા આશ્રમમાં મહાદેવને અઘોરીનો શણગાર






તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરામાં તાપડીયા આશ્રમમાં પવિત્ર શ્રાવણ માસના અંતિમ સોમવારે શિવાલયમાં મહાદેવને અઘોરીનો અનુપમ શણગાર કરાયો. ભૂતોની ટોળી સાથે અહીં છેલ્લા સોમવારની ઉજવણી કરાઈ. પવિત્ર શ્રાવણ માસના છેલ્લા સોમવાર નિમિત્તે બાબરા શ્રી તાપડીયા આશ્રમ શ્રી સદગુરૂ પૂજય ઘનશ્યામદાસ બાપુના સાનિધ્યમાં સોમવતી અમાસના સંધ્યા આરતીમાં ભગવાન શિવને અઘોરીનો શણગાર તેમજ ભૂતો ટોળી સાથે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી તેમજ સેવક ગણ દ્વારા દર્શને આવેલા ભકતોને ફરાળ રૂપે પેટીસનું પ્રસાદનું વિતરણ કરવામાં આવેલું હતું.

### વ્યાપક વરસાદ વરસ્યો તો બીજી ઉપાધિ આવી

## બગસરા પંથકમાં મગફળીનાં પાકમાં મુંડાનો રોગ આવતાં ખેડૂતો પરેશાન

**તાત્કાલીક સર્વે કરી વળતર ચુકવવા માંગ**





તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૩

બગસરા પંથકમાં અમરેલી જિલ્લાના તમામ તાલુકાનો બીજો તાલુકો સૌથી વધુ વરસાદ પડેલો છે. ત્યારે અમુક ખેડૂતોના પાકો પણ વધુ પડતા પાણીથી સુકાઈ ગયો છે તો અમુકના પાકો પીળા પડી ગયા છે. એમાં કુદરત દ્વારા અવિરત વરસાદના વિરામ બાદ માંડ મુરઝાતી મોલાત ઉપર તડકો પડતાં ખેડૂતોમાં થોડી રાહત થઈ હતી. ત્યારે વધુ એક ખતરો સામે આવી ગયો છે. માંડવીના પાકોમાં મુંડા આવતા જગતના તાતની મુશ્કેલીમાં વધારો થયો છે. જયારે બગસરા પંથકમાં કુલ ખેતીની જમીન ૨૯૮૯૫ હેકટર છે જે પૈકી ૮૭૪૮ હેકટરમાં માંડવીનું વાવેતર કરવામાં આવ્યું છે. ત્યારે બગસર પંથકમાં વરસાદ પણ ખૂબ સારો એવો પડયો છે. એટલે કે અહીંયા આજ દિવસ સુધીનો ૮૬૧ મીમી વરસાદ પડી ચૂકેલો છે. એવામાં ખેડૂતોમાં ખુશીની લહેર છવાઈ ગઈ હતી. ત્યારે કુદરતને કયાંક બીજું જ પસંદ હશે તેમ માંડવીમાં હજુ તો માંડ ફૂલો ખીલવાની શરૂઆત થઈ ત્યાં તો મુંડાએ આતંક મચાવી દીધો છે. મુંડા આવતાંની સાથે તમામ માંડવીના પાકો ખાઈ ગયેલ છે તેમજ તેના મૂળને પણ ભારે નુકસાની પહોંચેલ છે. જેના હિસાબે ખેડૂતોને પોતાનો ખર્ચો પણ ઉભો થઈ શકે તેમ નથી અને હજારોના ખર્ચે ખેડૂતો દ્વારા કરાયેલ વાવેતર ઉપર પાણી ફરી વળ્યુ છે. ત્યારે અહીંના ખેડૂતોની હાલત ખુબ દયનીય જોવા મળી રહી છે.

આવા સંજોગોમાં સરકારને ખેડૂતો દ્વારા અપીલ કરવામાં આવી છે કે જે ખેડૂતોની હાલત આવી થઈ હોય અથવા તો જે ખેડૂતોને વરસાદના કારણે ભારે નુકસાન થયેલું હોય તેવા તમામ ખેડૂતોના ખેતરનું સર્વે કરવામાં આવે અને વળતર આપવામાં આવે જેના હિસાબે ખેડૂતો ઉપર આવી પડેલ મુશ્કેલીમાંથી ખેડૂતો બહાર નીકળી શકે.

# ચલાલા ખાતે શ્રી મોગલમાં માનવ સેવા ટ્રસ્ટ દ્વારા બ્રહ્મ ચોર્યાસિ યોજાઈ









ચલાલા દાનમહારાજની જગ્યામાં પાવન ભુમી ચલાલામાં આવેલ સાંઈ મંદિરના સાનિધ્યમાં મોગલમાં માનવ સેવા ટ્રસ્ટ તથા શિવસાંઈ ગૃપ દ્વારા પવિત્ર શ્રાવણ માસમાં તા. ૧/૯/૨૪ ને રવિવારના રોજ બ્રહ્મ ચોર્યાસી સમુહ ભોજન આયોજન થયેલ હતું. ચલાલા મિઠાપુર સમસ્ત બ્રહ્મ સમાજના સહ પરિવાર સાથે જયારે સાંઈ મંદિરે ઉપસ્થિત રહ્યાં ત્યારે મેળા જેવો માહોલ જોવા મળ્યો હતો. અને બ્રહ્મ ચોર્યાસીની ભવ્ય સફળતા મળી હતી. બ્રહ્મ ચોર્યાસીમાં આર્થીક સહયોગ શિવરાજભાઈ વાળા સંજવભાઈ ભુવા, જયરાજભાઈ જેબલીયા, લલીતભાઈ મહેતા, સ્વ. ગિરીશભાઈ જાની પરિવાર, જીતુભાઈ પંચોલી, દિવ્યેશ ઉનડકટ, મુતૃઝાભાઈ ટી. હથીયારી, અંકિતભાઈ દવે સહિતના દાતાઓનો મુખ્ય સહયોગ મળેલ હતો અને તમામ દાતાઓનું સન્માનપત્ર આપીને ફુલગુચ્છ સાથે સન્માન કરવામાં આવેલ હતું. આ બ્રહ્મ ચોર્યાસીમાં ચલાલાના સેવાભાવિ પત્રકાર પ્રકાશભાઈ કારીયા તથા એવોર્ડ વિજેતા ગાયત્રી પરિવારના મહેશભાઈ મહેતા ચંપુભાઈ ધાધલ, હરેશભાઈ જેબલીયા તેમજ ધારીથી સાંઈ ભકત જીગ્નેશપરી ગૌસ્વામી, ચૌહાણ હરેશભાઈ કાથરોટીયા માનવ મંદિરના ટ્રસ્ટી જયસુખભાઈ ચૌહાણ તેમજ ચલાલાના સમસ્ત બ્રહ્મ સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહેલ હતાં. બ્રહ્મ ચોયાસીને સફળ બનાવવા શિવસાંઈ ગૃપના ધર્મેન્દ્ર જાની, જે.ડી.ભાઈ ડોબરીયા, દિપ મહેતા, અજય કાકડીયા, કમલેશભાઈ નીમાવત, વિજય મહેતા, ચંદ્રેશભાઈ કાકડીયા, મિનેશ ભટ્ટ, દિક્ષીત જોષી, ભટ્ટીભાઈ સહિતના મિત્રોએ સતત સેવા આપેલ હતી. મોગલમાં માનવ સેવા ગૃપ તથા દાતાઓ તરફથી બ્રહ્મ સમાજના તમામ બહેનોને ગીફત તથા બ્રહ્મ પરિવારના તમામ વિદ્યાર્થીઓને કિટબેગ આપવામાં આવેલ હતી. એમ ચલાલાના પત્રકાર પ્રકાશભાઈ કારીયાની યાદીમાં જણાવેલ હતું.

## કમલમનાં કમિશનનાં કારણે માર્ગોનાં ખાડાથી જનતાની કમર તૂટે છે

# ભાજપનાં શાસનમાં “ગુજરાતમાં ખાડા કે ખાડામાં ગુજરાત” ?

વર્ષ ૨૦૧૭થી ૨૦૨૧ સુધીમાં ખાડાનાં કારણે અકસ્માતથી ૫૦૦ નાગરિકોનાં મોત

ગુજરાતીઓએ એક વર્ષમાં ૪૮૦૦નો ટોલટેક્ષ આપ્યો છતાં સારા માર્ગો મળતા નથી

ગામડાથી લઈને ગાંધીનગર સુધીનાં ભ્રષ્ટાચારનાં કારણે ખાડા રાજ ફેલાયું

કોંગી ધારાસભ્ય અમિત ચાવડાએ ભાજપ સરકારમાં માર્ગોની હાલતનો કર્યો પર્દાફાશ







ગાંધીનગર, તા. ૩

આજરોજ વિધાનસભા ખાતે આયોજિત પ્રેસ વાર્તાને સંબોધન કરતા ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા અમિત ચાવડાએ જણાવ્યું કે, ગુજરાતની જનતા એક તરફ ભારે વરસાદ અને સરકાર સર્જિત પૂરથી ત્રાહિમામ અને હેરાન પરેશાન છે. બીજી બાજુ કમરતોડ મોંઘવારી, કમરતોડ ટેક્ષ અને કમલમના કમિશનને કારણે ગુજરાતની જનતાની કમર ભાંગતા રસ્તાના ખાડાથી પ્રજા ત્રાહિમામ પોકારી ગઈ છે. પહેલા વરસાદ પડે તો વરસાદ બાદ રોડ પર દેડકા જોવા મળતા હતા હવે આ ભાજપના શાસનમાં પહેલા જ વરસાદ પછી રોડ પર દેડકાને બદલે ખાડા અને ભુવા જોવા મળે છે.

વધુમાં અમિત ચાવડાએ જણાવ્યું કે, ગામથી લઈને ગાંધીનગર સુધી બધા જ રસ્તાઓમાં મોટા પ્રમાણમાં ખાડાને કારણે પ્રજા ત્રાહિમામ પોકારી ગઈ છે. રસ્તા પરના ખાડા ગુજરાતની જનતાની કમર તો ભાંગે જ છે પણ સાથસાથે પ્રજાનું ખીસ્સુ પણ ભાંગે છે. આજ ગુજરાતમાં સરકાર દ્વારા જે ટોલટેક્ષ લેવામાં આવે છે એના આંકડા જોઈએ તો એક જ વર્ષમાં ૪૮૦૦ કરોડ રૂપિયા જેટલી રકમ ટોલટેક્ષના નામે સરકાર ઉઘરાવે છે. બીજી બાજુ ગુણવત્તાયુકત રસ્તા આપવાની વાત આવે સરકાર કુદરતનો વાંક કાઢે છે. દર વર્ષે રસ્તાઓ ધોવાઈ જાય અને ખાડાઓને કારણે જનતાની કમર તો તૂટે છે પણ સાથેસાથે મોટા પ્રમાણમાં સમય અને ઈંધણની પણ બરબાદી થાય છે. વાહનોને પણ મોટા પ્રમાણમાં નુકસાન થાય છે અને ખાડા પડવાને કારણે જે અકસ્માતો થાય છે એમાં પણ મોટા પ્રમાણમાં લોકોની જાનહાની થાય છે. મળતા આંકડા મુજબ ૨૦૧૭થી ૨૦૨૧ના જ આંકડા લઈએ તો પાંચ વર્ષની અંદર ખાડામાં પડવાને કારણે થયેલ અકસ્માતમાં ૫૦૦ કરતા વધારે લોકોના મૃત્યુ નોંધાયા છે. એના માટે સરકારનો ભ્રષ્ટાચાર જવાબદાર છે. અમદાવાદ મ્યુ. કોર્પોરેશને જાતે જ સ્વીકાર્યું છે કે, આ સિઝનમાં એકલા અમદાવાદ શહેરમાં ૧૯ હજાર કરતા વધારે સ્થળોએ ખાડાનું રીપેરીંગ કરવામાં આવ્યું. એ જ રીતે સુરતના આંકડાઓ જોતા ૧૦ હજાર કરતા વધારે ખાડાઓની મરામત કરવામાં આવી. દર વર્ષે પહેલો વરસાદ પડે, ખાડા પડે એટલે કરોડો રૂપિયા ધોવાઈ જાય છે. એની પાછળ મરામતના નામે પણ કરોડો રૂપિયાનો ખર્ચ થાય આ તમામ પૈસા ખર્ચાઈ ગયા છે, કોન્ટ્રાકટરો અને સરકારના ખિસ્સા ભરાઈ ગયા છે એ પ્રજાના ટેક્ષના પૈસાની બરબાદી થઈ ગઈ છે.

વધુમાં અમિત ચાવડા એ જણાવ્યું કે, રાજયમાં માર્ગમકાન વિભાગ અને શહેરી વિકાસ વિભાગ બંને મુખ્યમંત્રીને હસ્તક છે ત્યારે માંગણી કરીએ છીએ કે આખા ગુજરાતમાં ખાડારાજને કારણે પ્રજા ત્રાહિમામ છે, ચારે તરફ રસ્તાઓને નામે કરોડોનો ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે. ત્યારે જનતા સરકાર પાસે જાણવાપણ માંગે છે કે, આમાં સાચી હકીકતે થઈ શું રહ્યું છે? આથી માંગણી કરીએ છીએ કે, સરકાર આખા ગુજરાતના રસ્તાઓને ખાડાઓને અનુસંધાને તપત્ર બહાર પાડે કે છેલ્લા એક વર્ષમાં રોડ બન્યો હોય એમાં ખાડા પડયા હોય તેવા રસ્તા કયા છે? બે વર્ષમાં રોડ બન્યો હોય એમાં ખાડા પડયા હોય તેવા રસ્તા કયા છે ? સાથેસાથે ગેરંટી પીરીયડમાં હોય અને રસ્તા ધોવાઈ ગયા હોય ? ખાડા પડયા હોય તેવા રસ્તા કયા છે ? એવા રસ્તાઓની મરામત પાછળ માર્ગ અને મકાન વિભાગ કે શહેરી વિકાસ વિભાગે કયા રસ્તા પાછળ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો છે ? ગેરંટી પીરીયડમાં હોય તો કયા કોન્ટ્રાકટર પાસેથી આનો ખર્ચ વસુલવામાં આવ્યો છે ? સાથેસાથે એક જ કોન્ટ્રાકટરની વારંવાર ગુણવત્તા હલકી હોવાની ફરિયાદો હોય, એક કોન્ટ્રાકટર કે એજન્સીના રસ્તાઓ વારંવાર ધોવાઈ જતા હોય એવા કેટલા કોન્ટ્રાકટરોને બ્લેકલીસ્ટ કરવામાં આવ્યા ? એક રજૂઆત મુજબ સરકાર કોઈને બ્લેકલીસ્ટ કરે તો આખું તંત્ર મિલીભગત અને ભ્રષ્ટાચારમાં ગોઠવાયેલું છે કે એ જ એજન્સી બીજા નામે કોન્ટ્રાકટ લઈને કામો ચાલુ છે. ત્યારે સરકાર આ તમામનો સર્વે કરાવીને તપત્ર બહાર પાડે તો ગુજરાતની જનતાને ખ્યાલ આવે કે અમે જે ટેક્ષ આપીએ છીએ એનાથી જે રસ્તા બને છે એમાં કોના ખિસ્સા ભરાય છે. કોને લાભ થાય છે અને પ્રજા આ હાડમારીમાંથી કયારે છૂટશે.

ગુજરાતમાં આજે શહેરના રસ્તા, ગામડાના રસ્તા, સ્ટેટ હાઈવે, નેશનલ હાઈવે હોય બધાની એક જ પરિસ્થિતિ છે. ભ્રષ્ટાચારી તંત્ર એ સરદાર સાહેબને પણ છોડયા નથી. સ્ટેચ્યુ ઓફ યુનિટી જોવા આખા દેશ અને વિમાંથી લોકો આવતા હોય, એ જ સ્ટેચ્યુ ઓફ યુનિટી જવાનો રસ્તો કદાચ પ્રધાનમંત્રીની સ્પેસ ટેકનોલોજીથી બનેલો રસ્તો હશે એ રસ્તો કેવો ધોવાઈ ગયો પોપડા ઉખડી ગયા એ સ્પેસ ટેકનોલોજીથી બનેલો રસ્તો સ્પેસ તરફ જતો હોય એનો વિડીયો સૌએ જોયો છે.

આખા રાજયની જનતા ખાડારાજથી હેરાન પરેશાન છે. મુખ્યમંત્રી અને આખી સરકાર ભાજપની સભ્ય નોંધણી ઝુંબેશમાંથી નવરી પડે તો ગુજરાતની જનતાની ચિંતા ચોક્કસ કરે અને ગુજરાતમાં જે ખાડારાજ છે, ખાડામાં પાડીને લોકોની કમર તૂટી રહી છે, વાહનો તૂટી રહ્યા છે, સમય અને ઈંધણની બરબાદી થઈ રહી છે એમાંથી ગુજરાતની જનતાને બચાવે.

માર્ગ અને મકાન વિભાગ અને શહેરી વિકાસ વિભાગ બંને મુખ્યમંત્રી પાસે છે લોકો પૂછે છે કે દાદા ભ્રષ્ટાચારીઓ સામે મૃદુ કેમ છે ? અને ગુજરાતની જનતા ખાડામાં પડી રહી છે, ટેક્ષ ભરી રહી છે ત્યારે ભ્રષ્ટાચારીઓને ડામવા માટે અને ખાડારાજમાંથી કાયમી મુકિત માટે મુખ્યમંત્રી કયારે મક્કમ બનશે એ પણ ગુજરાતની જનતા પૂછી રહી છે. ત્યારે માંગણી કરીએ છીએ કે, ગુજરાતમાં જે ખાડારાજ ચાલે છે, ભ્રષ્ટાચાર ચાલે છે, પ્રજાના ટેક્ષના પૈસાની બરબાદી થઈ રહી છે ત્યારે મુખ્યમંત્રી પોતાનો વિભાગ છે તો તપત્ર બહાર પડે અને સાચી હકીકતો શું છે કે કેમ રસ્તાઓ ધોવાઈ જાય છે ? કયા કોન્ટ્રાકટરો સાથેની મિલીભગત છે અને એની સામે શું કાર્યવાહી કરવામાં આવી એ અંગેનું તપત્ર બહાર પાડો એવી માંગણી કરીએ છીએ.

### એક વર્ષ પહેલા થયેલ ફરિયાદ બાદ પુનઃ બઘડાટી

## ધારીનાં વેકરિયાપરામાં દિકરીનાં અપહરણની બાબતને લઈને મારામારી

### પોલીસે બંને પક્ષોની ફરિયાદ નોંધી તપાસ આદરી

અમરેલી, તા. ૩

ધારીના વેકરીયાપરામાં આવેલ નર્મદેર સોસાયટીમાં રહેતા કનુભાઈ ઘુસાભાઈ ગુજવાડીયા નામનાં ૪૫ વર્ષિય હીરાઘસુંની દિકરીના અપહરણની ફરિયાદ એકાદ વર્ષ પહેલા નોંધાયેલ હોય અને તેના સાક્ષી અજયભાઈ ધનજીભાઈ રાણાવડીયાને તે જ વિસ્તારમાં રહેતા આરોપી અરવિંદભાઈ હરેશભાઈ રાણાવડીયા તથા શૈલેષભાઈ હરેશભાઈ રાણાવડીયાએ ગાળો આપેલ હોય. જે બાબતે હીરાઘસું આરોપીને ઠપકો આપતા આરોપીઓને સારૂ નહી લાગતા આરોપી ભાવેશભાઈ મધુભાઈ રાણાવડીયા, રણજીતભાઈ મંગળુભાઈ બારૈયા, હરેશભાઈ લીંબાભાઈ રાણાવડીયા સહિત પાંચેયએ એકસંપ કરી હથિયાર ધારણ કરી હીરાઘસુને લોખંડનો એક ઘા માથાના ભાગે મારેલ તથા પથ્થર લઈ ચંદુભાઈના માથાના ભાગે મારી ઈજા કરી લોખંડના પાઈપો વડે હીરેનને આડેધડ માર મારી તથા લાકડીનો એક ઘા હીરાઘસુના બાપુજીને મારી માથાના ભાગે ઈજા કરી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

તો સામાપક્ષે આ જ બનાવમાં શૈલેષભાઈ હરેશભાઈ રાણાવડીયા નામનાં ૨૬ વર્ષિય યુવકે પણ સામાવાળા કનુભાઈ ઘુઘાભાઈ ગુજરવાડીયા, ચંદુભાઈ ઘુઘાભાઈ ગુજરવાડીયા, હીતેષભાઈ ચંદુભાઈ ગુજરવાડીયા, રાજુભાઈ ચંદુભાઈ ગુજરવાડીયા, વિક્રમભાઈ મનસુખભાઈ રાણાવડીયા, અજયભાઈ ધનજીભાઈ રાણાવડીયા, ઘુઘાભાઈ ગુજરવાડીયા, હીરેનભાઈ કનુભાઈ ગુજરવાડીયા સામે ગાડી ધીમે ચલાવા ઠપકો આપેલ તો આરોપીઓને સારૂ નહી લાગતા જેનુ મનદુઃખ રાખી આરોપીઓએ એકસંપ કરી પ્રાણઘાતક હથિયારો ધારણ કરી આવી લોખંડના પાઈપ વડે યુવકના માથાના ભાગે ઈજા કરી લાકડી વાડે આડેધડ મારી મારી ઈજા કરી તથા અરવિંદભાઈને મારી નાખવાના ઈરાદે કુહાડીનો એક ઘા માથાના ભાગે મારી ગંભીર ઈજા કરી લાકડી વડે અરવિંદભાઈને આડેધડ માર મારી ઈજા કરી તથા પ્રદીપભાઈ તથા રણજીતભાઈ તથા ભાવેશભાઈને આડેધડ માર મારી શરીરે મુંઢ માર તથા છુટા પથ્થર ના ઘા કરી ઈજાઓ કર્યાની સામી ફરિયાદ નોંધાઈ છે.

## અમરેલી : પ્રદેશ ભાજપ મહિલા મોરચાનાં અગ્રણી રેખાબેનના ખબર અંતર પૂછતા સંઘાણી



અમરેલી, તા. ૩

પ્રદેશ મહિલા મોરચા ભાજપના પૂર્વ ઉપાધ્યક્ષ તથા જીલ્લા ભાજપનાં મંત્રી રેખાબેન માવદીયાના નિવાસસ્થાને તેમના ખબર અંતર પૂછતા IFFCO ના ચેરમેન દિલીપ સંઘાણી તથા અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા.

### અસહય બફારા બાદ મેઘાની સટાસટી

## બગસરામાં ૪૫ મિનિટમાં સવા ઈંચ જેટલા વરસાદથી ઠેર-ઠેર પાણી ભરાયા

### ગ્રામ્ય વિસ્તારમાં પણ વરસાદ પડયાના વાવડ

બગસરા, તા. ૩

બગસરા પંથકમાં આજે સવારથી જ વરસાદી માહોલ જેવું વાતાવરણ બંધાયેલ હતું. જેને અનુસંધાને ભયંકર બફારો અને ગરમીનો પારો વધી ગયેલ હતો. ત્યારે બપોર બાદ ફક્ત પોણો કલાકમાં સવા ઈંચ વરસાદ નોંધાયો હતો. જેના પગલે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. તેમજ કુકાવાવ નાકા, હોસ્પિટલ રોડ, તેમજ પોલીસ સ્ટેશનથી લઈને કુકાવાવ નાકા સુધીમાં રોડ ઉપર પાણી ભરાયા હતા. જયારે બગસરાના આજુબાજુના ગામ જેવા કે મોટા મુંજીયાસર, માણેકવાડા, હળિયાદ, રફાળા અને નાના મુંજીયાસર જેવા ગામોમાં એક થી સવા ઈંચ જેવો વરસાદ પડ્યો હતો.



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦




શ્રાવણ માસ નિમિત્તે...
ફરાળી વાનગીઓનો રસથાળ
ટોપરાપાક | શીંગપાક | માવાના પેંડા
દર સોમવારે ગરમાગરમ ફરાળી પેટીસ મળશે
ફરાળી ચેવડો
બટેટા વેફર્સ | કેળા વેફર્સ | દુધીનો હલવો
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ । મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫









### જંગી માત્રામાં ઘાતક હથિયારો મળી આવ્યા

# છત્તીસગઢના દંતેવાડામા સુરક્ષા દળોએ ૯ નક્સલીઓને ઠાર કર્યા

## માર્યા ગયેલા તમામ નક્સલવાદીઓ યુનિફોર્મમાં છે તેમની પાસેથી મોટી માત્રામાં ઘાતક હથિયારો મળી આવ્યા છે

છત્તીસગઢ,તા.૩

છત્તીસગઢમાં નક્સલવાદીઓ વિરુદ્ધ ચલાવવામાં આવી રહેલા અભિયાનમાં સુરક્ષા દળોને મોટી સફળતા મળી છે. સર્ચ ઓપરેશન દરમિયાન દંતેવાડા-બીજાપુર બોર્ડર પર સેનાના જવાનો અને નક્સલવાદીઓ વચ્ચે ભીષણ અથડામણ ચાલી રહી છે. બંને તરફથી ગોળીબાર થઈ રહ્યો છે. દંતેવાડા પોલીસના જણાવ્યા અનુસાર ૯ નક્સલવાદીઓના મૃતદેહ મળી આવ્યા છે અને માર્યા ગયેલા તમામ નક્સલવાદીઓ યુનિફોર્મમાં છે. તેમની પાસેથી મોટી માત્રામાં ઘાતક હથિયારો મળી આવ્યા છે.

પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર પોલીસ અને નક્સલવાદીઓ વચ્ચેની અથડામણમાં અત્યાર સુધીમાં ૯ વર્દીધારી નક્સલવાદીઓ માર્યા ગયા છે. ઘટનાસ્થળેથી હથિયારો સહિત મોટી માત્રામાં નક્સલ સામગ્રી મળી આવી છે. અધિકારીએ જણાવ્યું કે દંતેવાડા જિલ્લા અને બીજાપુરના સરહદી વિસ્તાર પર પશ્ચિમ બસ્તર ડિવિઝન નજીક માઓવાદીઓની હાજરીની માહિતી મળી હતી. માહિતી મળતાં જ એક સંયુક્ત પોલીસ પાર્ટીએ સર્ચ ઓપરેશન કર્યું, જે દરમિયાન નક્સલવાદીઓ સાથે એન્કાઉન્ટર થયું.

આજે મંગળવારે સવારે લગભગ ૧૦.૩૦ વાગ્યાથી સુરક્ષા દળ અને નક્સલવાદીઓ વચ્ચે અથડામણ ચાલી રહી છે. પોલીસના જણાવ્યા અનુસાર, DRG અને CRPFની સંયુક્ત ટીમ નક્સલ વિરોધી પેટ્રોલિંગ સર્ચ પર ગઈ હતી. સર્ચ દરમિયાન નક્સલવાદીઓ સાથે એન્કાઉન્ટર થયું હતું. અત્યાર સુધીમાં ૯ ગણવેશધારી અને હથિયારધારી નક્સલવાદીઓના મૃતદેહ મળી આવ્યા છે. પોલીસ અધિકારીએ કહ્યું કે, ઓપરેશનમાં સામેલ તમામ સૈનિકો હવે સુરક્ષિત છે. સર્ચ ઓપરેશન ચાલુ છે.

છત્તીસગઢમાં સુરક્ષા દળો સતત નક્સલવાદીઓ વિરુદ્ધ સર્ચ ઓપરેશન ચલાવી રહ્યા છે. ૨૪ ઓગસ્ટે છત્તીસગઢની મુલાકાત દરમિયાન કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે માર્ચ ૨૦૨૬ સુધીમાં રાજ્યને નક્સલવાદથી સંપૂર્ણ મુક્ત કરવાની વાત કરી હતી. તેમણે સાત રાજ્યોના અધિકારીઓ સાથે બેઠક યોજી હતી અને નક્સલવાદીઓને ખતમ કરવાની રણનીતિ ઘડી હતી. દંતેવાડા પોલીસના જણાવ્યા અનુસાર, આ વર્ષે નક્સલવાદીઓ સાથે અલગ-અલગ એન્કાઉન્ટરમાં ૧૫૪ નક્સલવાદીઓ માર્યા ગયા છે. નક્સલવાદીઓ વિરુદ્ધ અભિયાન તેજ કરવામાં આવ્યું છે.

### ભારતીય જનતા પાર્ટીની ખેંચતાણમાં વધારો

# હરિયાણામાં BJP નેતાની પક્ષને ધમકી, ટિકિટ ન મળી તો કોંગ્રેસમાં જોડાઈશ

## વરિષ્ઠ નેતા સુધા યાદવ અને પૂર્વ મુખ્યમંત્રી મનોહર લાલ ખટ્ટરના પૂર્વ ઓએસડી સહિત ઘણા મોટા નેતાઓ આ સીટ પર દાવો કરી રહ્યા છે.

નવી દિલ્હી,તા.૩

હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં દિગ્ગજ નેતાઓ ભારતીય જનતા પાર્ટીની ખેંચતાણમાં વધારો કરતા જોવા મળી રહ્યા છે. હાલમાં જ પૂર્વ મંત્રી રાવ નરબીર સિંહે દાવો કર્યો છે કે જો તેમને ટિકિટ નહીં આપવામાં આવે તો તેઓ કોંગ્રેસમાં જોડાઈ જશે. તેઓ રાજ્યની હાઈપ્રોફાઈલ સીટ બાદશાહપુરથી ટિકિટની માંગ કરી રહ્યા છે. ખાસ વાત એ છે કે વરિષ્ઠ નેતા સુધા યાદવ અને પૂર્વ મુખ્યમંત્રી મનોહર લાલ ખટ્ટરના પૂર્વ ઓએસડી સહિત ઘણા મોટા નેતાઓ આ સીટ પર દાવો કરી રહ્યા છે.મીડિયા રિપોર્ટ્સ અનુસાર રાવ નરબીર સિંહે સ્પષ્ટ કર્યું છે કે તેઓ આ વખતે સ્વતંત્ર ઉમેદવાર તરીકે ચૂંટણી નહીં લડે. તેણે કહ્યું, 'મને વર્ષ ૨૦૧૯માં ટિકિટ મળી નથી. આ વખતે હું અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડીશ નહીં. મેદાનમાં બે જ પક્ષો છે. તેથી જો ભાજપ મને ટિકિટ નહીં આપે તો હું કોંગ્રેસમાં જોડાઈશ. સિંહનો દાવો છે કે તેઓ બાદશાહપુર વિધાનસભા સીટ પરથી વિજેતા ઉમેદવાર છે.એવા અહેવાલો છે કે પૂર્વ સાંસદ સુધા યાદવ વિધાનસભા ચૂંટણી લડવાની ઈચ્છા વ્યક્ત કરી રહી છે. તે બાદશાહપુર સીટ પરથી ચૂંટણી લડવા માંગે છે. આવી સ્થિતિમાં નરબીર સિંહને ટિકિટ મળવાની શક્યતા ઓછી જણાઈ રહી છે. જોકે, પાર્ટીએ હજુ સુધી ટિકિટની જાહેરાત કરી નથી. આ સિવાય ગુરુગ્રામના સાંસદ અને કેન્દ્રીય રાજ્ય મંત્રી રાવ ઈન્દ્રજીત સિંહ પણ બાદશાહપુર અને અહિરવાલની ટિકિટ વિતરણમાં સક્રિય જોવા મળે છે.વર્ષ ૨૦૧૯માં હારનો સામનો કરનાર મનીષ યાદવ પણ ટિકિટની શોધમાં છે. ખટ્ટરના ભૂતપૂર્વ ઓએસડી જવાહર યાદવ પણ અહીં સક્રિય છે. આ ઉપરાંત ભાજપના જિલ્લા પ્રમુખ કમલ યાદવ પણ પોતાનો દાવો રજૂ કરી રહ્યા છે. જો કે જવાહર યાદવે સ્પષ્ટ કર્યું છે કે તેઓ પાર્ટીની વિચારધારા સાથે કામ કરવાનું ચાલુ રાખશે.મતદારોની સંખ્યાની દૃષ્ટિએ પણ આ રાજ્યની સૌથી મોટી બેઠક છે. ગુડગાંવ લોકસભા મતવિસ્તાર હેઠળની નવ બેઠકોમાંથી એક બાદશાહપુર સેગમેન્ટમાં ૪.૫ લાખ મતદારો છે. ભાજપના અંદાજને ટાંકીને અહેવાલમાં જણાવાયું છે કે બાદશાહપુરમાં લગભગ ૧.૨૫ લાખ આહીર (યાદવ), ૬૦ હજાર જાટ, ૫૦ હજાર અનુસૂચિત જાતિના સભ્યો, ૩૫ હજાર બ્રાહ્મણો અને ૩૦ હજાર પંજાબીઓ છે. અહીં ગુર્જર, રાજપૂત અને મુસ્લિમ મતદારો પણ છે.

### CM ભૂપેન્દ્ર પટેલને પ્રથમ પ્રાથમિક સભ્ય બનાવ્યા

# ગુજરાત સહિત દેશમાં ભાજપનું સદસ્યતા અભિયાન

## ભાજપમાં દર ૬ વર્ષે સદસ્યતા રિન્યૂ કરવામાં આવે છે. આગામી સમયમાં દોઢ કરોડથી વધુ લોકોને ભાજપના સભ્ય બનાવવાનો ટાર્ગેટ નક્કી કરવામાં આવ્યો છે

અમદાવાદ,તા.૩

લોકસભાની ચૂંટણી બાદ ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. ગુજરાત સહિત સમગ્ર દેશમાં ભાજપના સદસ્યતા અભિયાનની શરૂઆત થઈ છે. ત્યારે ગુજરાતમાં પણ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પણ તેમની સદસ્યતા રિન્યૂ કરીને સી.આર. પાટીલે તેમને ભાજપના પ્રાથમિક સભ્ય બનાવવામાં આવ્યાં છે. ભાજપમાં દર ૬ વર્ષે સદસ્યતા રિન્યૂ કરવામાં આવે છે. આગામી સમયમાં દોઢ કરોડથી વધુ લોકોને ભાજપના સભ્ય બનાવવાનો ટાર્ગેટ નક્કી કરવામાં આવ્યો છે. ગઈકાલે સાંજે દિલ્હી ખાતે વડાપ્રધાન મોદીને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી નડ્ડાએ પ્રથમ પ્રાથમિક સભ્ય બનાવી નોંધણી કરાવી હતી.

ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલે આ અભિયાનની શરૂઆત કરાવી છે. આ અભિયાન અંતર્ગત આજે એક કાર્યક્રમનું આયોજન કરવામા આવ્યું હતું. જેમાં મંત્રીઓ, સાંસદો, ધારાસભ્યો, પદાધિકારીઓ સહિત અનેક કાર્યકરો ઉપસ્થિત રહ્યાં હતાં. આ કાર્યક્રમમાં પ્રદેશ પ્રમુખ પાટીલે જણાવ્યું હતું કે, સંગઠનની તાકાતને નબળી ગણ્યા વિના પૂરી તાકાત સાથે આ ટાર્ગેટને પુરો કરવાનો પ્રયાસ કરજો. લોકસભાની ચૂંટણી બાદ સંગઠનમાં નિરાશા જોવા મળી છે અને ગુજરાતમાં એક સીટ ઓછી આવી છે તેની જવાબદારી મેં લીધી છે.લોકસભાની ચૂંટણીમાં ત્રીજી વખત વડાપ્રધાન બન્યા બાદ નરેન્દ્રભાઈ પ્રથમ વખત ૧૬ સપ્ટેમ્બરે ગુજરાત આવી રહ્યાં છે.

તેમણે વધુમાં કહ્યું હતું કે, GMDC ગ્રાઉન્ડ ખાતે અલગ અલગ કાર્યક્રમો થવાના છે. એક લાખથી વધુ કાર્યકરોએ એકઠા થઈને વડાપ્રધાનનું અભિવાદન કરવાનું છે.ઘણી પાર્ટીઓમાં આજીવન સદસ્યતા મળી જતી હોય છે પણ ભાજપમાં ૬ વર્ષે સદસ્યતા પુરી થાય છે. દિલ્હીમાં ગઈકાલે વડાપ્રધાનને પ્રથમ સભ્ય બનાવી નોંધણી કરાવી છે. તાલુકા, જિલ્લા પંચાયત, શહેર સહીતના તમામ મેમ્બરોને ૨ કરોડ સદસ્યો બનાવવાના છે. સંગઠિત થઈને પડકાર ઝીલવાનો છે જે પડકાર નથી આપણે નક્કી કરેલો લક્ષ્ય છે. સંગઠન મજબૂત હશે તો જ ઈલેકશન જીતી શકાશે. ૭૪ લાખ પેજ સમિતીના સદસ્ય તો કાયમી જ છે પણ પ્રાથમિક સદસ્ય એટલે ૧૮ વર્ષથી ઉપર કોઈ પણ બની શકે છે. ૬૬ લાખ જેટલી બહેનો આપણી સદસ્યતા સાથે જોડાયેલી છે.

### આ લેબોરેટરી બનાસની માટીને જીવંત બનાવવામાં મોટી ભૂમિકા ભજવશે

# પૂજ્ય સદગુરુના જન્મદિવસે બનાસને લેબોરેટરી રૂપે મળેલી આ નવી ભેટ

## પોલિશ' અને 'રીફાઇન માય ડ્રાફ્ટ' એન્ડ્રોઇડ, iOS અને વેબ દરેક વર્ઝન પર આ ફીચર ઉપલબ્ધ

બનાસકાંઠા,તા.૩

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ અને બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરી થરાદ ખાતે બનાસ સોઈલ ટેસ્ટિંગ લેબોરેટરી **(BSTL)**, બનાસ સેવ સોઈલ ફાર્મર પ્રોડ્યુસર કંપની અને (ડિજિટલી) ખીમાણા ખાતે બનાસ બાયોફર્ટિલાઈઝર રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ લેબોરેટરીનું આજે મંગળવારે ઉદ્‌ઘાટન કર્યું. આ ઉદ્‌ઘાટનમા મોટી સંખ્યામા સ્થાનિક ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. થરાદમાં બનેલી દેશની એક માત્ર સોઈલ હેલ્થ લેબોરતોરીનું લોકાર્પણ થતા આગમી સમયમાં આ લેબોરેટરી બનાસની માટીને જીવંત બનાવવામાં મોટી ભૂમિકા ભજવશે. આપણે માટીને બચાવી સજીવસૃષ્ટિને જીવંત રાખવા કામ કરીએ.આ પ્રસંગે ચેરમેન શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે પૂજ્ય સદગુરુના જન્મદિવસે બનાસને લેબોરેટરી રૂપે મળેલી આ નવી ભેટ છે.

સદગુરુ છેલ્લા કેટલાય સમયથી બીજાના ભલા માટે કામ કરી રહ્યા છે. માટીને બચાવવી આપણા સૌની ફરજ છે. જે માટે બનાસ ડેરીએ ઈશા ફાઉન્ડેશન સાથે મળી આ લેબ માટીને જીવંત બનાવવા કાર્યરત કરી છે. પંચતત્વમાંથી આપણને નવી ઉર્જા મળે છે અને માટી તેમાંથી એક છે.વડાપ્રધાન મુખ્યમંત્રી હતા ત્યારથી સોઈલ હેલ્થ અને બાયો ફર્ટીલાઈઝર માટે કામ કરી રહ્યા છે. આણંદ કૃષિ યુનિવર્સીટી દ્વારા તૈયાર કરાયેલ બાયોફર્ટીલાઈઝર તેનું પરિણામ છે. આજે આપણા જીલ્લામાં ખીમાણા ખાતે પ્રવાહી બાયો ફર્ટીલાઈઝર બનાવવાની શરૂઆત થઈ છે.જે આપણને કેમીકલયુકત ફર્ટીલાઈઝરથી મુક્તિ અપાવશે. ઝાડના પાંદડા અને પ્રાણીઓના મળમુત્ર આપણી ધરતીનો ખોરાક છે. માટી બચશે તો ભવિષ્યનું જીવન સમૃદ્ધ બનશે."લેબ ટુ લેન્ડ" ના સંકલ્પ સાથે માટી બચાવવા આપણે સાથે મળી કામ કરવું પડશે.

### મોતિયાના ઓપરેશનમાં રાજ્ય અગ્રેસર

# ગુજરાતમાં ચાર વર્ષમાં ૨૦૮૧૮ ચક્ષુદાન અને ૪૭૦૧ સફળ કીકી પ્રત્યારોપણ થયા

## આરોગ્ય કેન્દ્ર ખાતે ફરજ બજાવતા મેડીકલ ઓફિસરને તેમજ ૫૦ હજારથી જેટલી આશા બહેનોને તાલીમ આપવામાં આવેલ છે

અમદાવાદ,તા.૩

ગુજરાતમાં ૩૯મું ચક્ષુદાન પખવાડીયું ૦૮ સપ્ટેમ્બર સુધી ઉજવાશે. છેલ્લા દાયકામાં રાજ્યમાં દર વર્ષે સરેરાશ ૭ લાખ જેટલા મોતિયાના ઓપરેશન કરવામાં આવ્યા છે. રાજ્યમાં પ્રતિ ૧૦ લાખ વસ્તીને ૧૦ હજારથી વધુ મોતિયાના ઓપરેશનનો દર હાંસલ કરીને રાજ્ય અગ્રેસર રહ્યું છે. ગુજરાત સરકારે ફેબ્રુઆરી ૨૦૨૨મા 'મોતિયા અંધત્વ બેકલોગ મુકત ગુજરાત' અભિયાનને મહાઅભિયાન બનાવ્યું છે અને આ કરનાર ગુજરાત સમગ્ર દેશમાં પહેલું રાજ્ય છે.મોતિયા અંધત્વ બેકલોગ મુક્ત ગુજરાત'' કાર્યક્રમ અંતર્ગત વર્ષ ૨૦૨૨ જાન્યુઆરીમાં રાજ્યમાં કાર્યરત ૧,૪૭૬ પ્રાથમિક, ૩૩૩ અર્બન, ૩૪૭ જેટલા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ફરજ બજાવતા મેડીકલ ઓફિસરને તેમજ ૫૦ હજારથી જેટલી આશા બહેનોને તાલીમ આપવામાં આવેલ છે.

રાજ્યની દરેક પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને રાજ્યની ૧ રીઝ્યોનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ઓપ્થલ્મોલોજી, ૨૨ મેડીકલ કૉલેજ, ૨૨ જિલ્લા હોસ્પિટલ, ૩૬ તાલુકા કક્ષાની હોસ્પિટલ અને ૧૨૮ સ્વૈચ્છિક સંસ્થાઓ પૈકી એક સંસ્થા ખાતે લીંક અપ કરવામા આવેલ છે. આ ઉપરાંત રાજ્યમાં સરકાર હસ્તકની હોસ્પિટલો તેમજ રાષ્ટ્રીય અંધત્વ અને દ્રષ્ટિ ખામી નિયંત્રણ કાર્યક્રમ સાથે સંકળાયેલ સ્વૈચ્છિક સંસ્થાઓ ખાતે મોતિયાના ઓપરેશનની જરૂરીયાત ધરાવતા દરેક દર્દીને ફેકોઈમ્લસીફીકેશન પદ્ધતિથી અત્યંત આધુનીક હાઈડ્રોફોબીક નેત્રમણિ સાથેનુ ઓપરેશન વિના-મુલ્યે કરી આપવામાં આવે છે. જેનો ખાનગી હોસ્પિટલમાં ખર્ચ અંદાજીત રૂ. ૬૦થી ૮૦ હજાર જેટલો થતો હોય છે.

વર્ષ ૨૦૨૨થી કેન્દ્ર સરકારે ૫૦ વર્ષથી વધુ વય ધરાવતા નાગરિકોને મોતિયાના કારણે અંધ-ઘનિષ્ઠ દ્રષ્ટિખામી ધરાવતા વ્યક્તિઓના ઓપરેશન અંગે 'રાષ્ટ્રિય નેત્રજયોતિ અભિયાન' શરૂ કરવામાં આવ્યું હતું.કેન્દ્ર સરકાર તરફથી 'રાષ્ટ્રીય નેત્રજયોતિ અભિયાન' અંતર્ગત વર્ષ ૨૦૨૨-૨૩માં ફળવાયેલ ૧,૨૬,૩૦૦ના લક્ષ્યાંકની સામે કુલ ૬,૩૬,૪૨૮ એટલે કે ૫૦૦ ટકાથી વધુ અને વર્ષ ૨૦૨૩-૨૪માં ૧,૫૧,૭૦૦ના લક્ષ્યાંકની સામે કુલ ૬,૧૦,૪૦૦ એટલે કે ૪૦૦ ટકાથી વધુ મોતિયાના ઓપરેશન કરીને ગુજરાતે સમગ્ર દેશમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યો છે.વર્ષ ૨૦૨૪-૨૫માં ફળવાયેલ ૧,૭૬,૯૦૦ના લક્ષ્યાંક સામે જુલાઈ-૨૦૨૪ સુધીની સ્થિતિએ કુલ ૧,૫૨,૭૨૦ એટલે કે ૮૬ ટકા મોતિયાના ઓપરેશનની સફળતા મળી છે.

રાજ્યમાં વર્ષ ૨૦૨૦થી જુલાઈ-૨૪ સુધીની સ્થિતિએ કુલ ૨૦૮૧૮ ચક્ષુદાન અને ૪૭૦૧ કીકી પ્રત્યારોપણ કરવામાં આવ્યા છે. જે અંતર્ગત વર્ષ ૨૦૨૦-૨૧માં ૨,૫૩૬ ચક્ષુદાન અને ૬૨૬ કીકી પ્રત્યારોપણ, વર્ષ ૨૦૨૧-૨૨માં ૪,૬૫૫ ચક્ષુદાન અને ૧,૦૨૦ કીકી પ્રત્યારોપણ, વર્ષ ૨૦૨૨-૨૩માં ૫,૪૪૧ ચક્ષુદાન અને ૧,૧૨૧ કીકી પ્રત્યારોપણ અને વર્ષ ૨૦૨૩-૨૪માં ૬,૦૮૨ ચક્ષુદાન અને ૧,૪૫૪ કીકી પ્રત્યારોપણ થયા છે. જ્યારે, ચાલુ વર્ષમાં જુલાઈ-૨૪ સુધીની સ્થિતિએ ૨૧૦૪ ચક્ષુદાન અને ૪૮૦ કીકી પ્રત્યારોપણ થયા છે.સરકાર હસ્તક હોસ્પિટલો ખાતે ફરજ બજાવતા તમામ ઓપ્ટોમેટ્રીસ્ટને ચક્ષુદાન લેવા માટેની ૧૫ દિવસની સર્ટીફાઈડ તાલીમ પણ અપાઈ છે.

### બ્રાઝિલમાં સુપ્રીમ કોર્ટનો X ને લઈને મોટો નિર્ણય

# બ્રાઝિલમાં થોડા દિવસ પહેલાં જ સુપ્રિમ કોર્ટ દ્વારા Xને સસ્પેન્ડ કરાયું

## ટ્વિટર તરીકે ઓળખાતું Xનો ઉપયોગ કરવામાં આવ્યો તો યુઝરને દિવસના ૭.૪ લાખ રૂપિયાનો દંડ

બ્રાઝિલ,તા.૩

બ્રાઝિલમાં હવે પહેલાં ટ્વિટર તરીકે ઓળખાતું ઠનો ઉપયોગ કરવામાં આવ્યો તો યુઝરને દિવસના ૭.૪ લાખ રૂપિયાનો દંડ થઈ શકે છે. ઠના માલિક ઈલોન મસ્કે જ્યારથી ટ્વિટર ખરીદ્યું છે ત્યારથી કોઈને કોઈ વિવાદમાં તે પડે છે. બ્રાઝિલમાં થોડા દિવસ પહેલાં જ સુપ્રિમ કોર્ટ દ્વારા ઠને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યું હતું. જોકે હવે કોઈ પણ રીતે એનો ઉપયોગ કરનારા વ્યક્તિ પર દંડ પણ નાખવામાં આવ્યો છે.ઈલોન મસ્ક અને બ્રાઝિલના સુપ્રિમ કોર્ટના જજ એલેક્ઝાન્ડ્રે દે મોરાઈસ વચ્ચે ઘણાં સમયથી અણબનાવ ચાલી રહ્યો છે. બ્રાઝિલમાં એક મહિનાથી ઠનો કોઈ રીપ્રેઝેન્ટેટિવ નહોતો. આથી કોર્ટ દ્વારા ૨૪ કલાકમાં તેની નિમણૂક કરવાની સૂચના આપવામાં આવી હતી. આથી સુપ્રિમ કોર્ટના જજ દ્વારા કહેવામાં આવ્યું હતું કે ઈલોન મસ્ક જ્યાં સુધી આ નિયમનું પાલન ન કરે ત્યાં સુધી ઠને બ્લોક રાખવામાં આવશે. ઈલોન મસ્ક દ્વારા તેના બચાવવામાં કોર્ટમાં કહેવામાં આવ્યું હતું કે તેમને પોલિટિકલ પાર્ટીની કેટલીક પોસ્ટ સેન્સર કરવા માટે ફોર્સ કરવામાં આવી રહ્યો છે. જોકે ઠએ બિલકુલ કરવા નથી માગતું. આ સાથે જે એવી પણ ચર્ચા છે કે ઈલોન મસ્કની બ્રાઝિલમાં જે વકીલ હતી એને કોર્ટ દ્વારા આડકતરી રીતે ધમકીઓ આપવામાં આવી છે. તેમ જ તે વકીલના બેક અકાઉન્ટને પણ ફ્રીઝ કરી દેવામાં આવ્યા હતા.

આથી તેને આ કેસ છોડવાની ફરજ પડી હતી. જોકે બ્રાઝિલની શરતોને ઈલોન મસ્કે ન માનતાં ઠને ત્યાં સસ્પેન્ડ કરી દેવામાં આવ્યું છે.Xને સસ્પેન્ડ કર્યું હોવા છતાં ઘણાં યુઝર્સ વર્ચ્યુઅલ પ્રાઈવેટ નેટવર્કનો ઉપયોગ કરતાં હતાં. જોકે કોર્ટને એ વિશે જાણકારી થતાં જ નવો નિયમ બનાવવામાં આવ્યો છે. VPNનો ઉપયોગ કરીને જે પણ યુઝર ઠનો ઉપયોગ કરી રહ્યું હશે તેમને હવે દંડ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ માટે યુઝરને એક દિવસના ૭.૪ લાખ રૂપિયા સુધીનો દંડ થઈ શકે છે. આથી યુઝર માટે હવે Xનો ઉપયોગ કરવાનું મુશ્કેલ બની ગયું છે.બ્રાઝિલ સિવાય ૨૦૦૯થી ઠને ચીનમાં બેન કરવામાં આવ્યું છે. ચીનની સેન્સરશિપ પોલીને કારણે એ બેન કરવામાં આવ્યું છે. તેમજ ૨૦૦૯થી ઈરાનમાં પણ ઠને બેન કરવામાં આવ્યું છે. રાજકીય મતભેદને કાબૂમાં રાખવા માટે ત્યાં Xને બેન કરવામાં આવ્યું છે.નોર્થ કોરિયામાં ૨૦૧૬માં ઠને નોર્થ કોરિયામાં બેન કરવામાં આવ્યું હતું. ફોરેન મીડિયા દેશના સમાચાર ન મેળવી શકે એ માટે એને બેન કરવામાં આવ્યું હતું. તુર્કમેનિસ્તાનમાં ઈન્ટરનેટ પર કન્ટ્રોલ રાખવા માટે ૨૦૧૮માં ઠને ત્યાં બેન કરી દેવામાં આવ્યું હતું. ઉઝબેકિસ્તાનમાં સેન્સરશિપને કારણે ત્યાં પણ ઠને બેન કરવામાં આવ્યું છે. આ દેશમાં Xને બ્લોક અને અનબ્લોક કરવામાં આવતું રહે છે.તેમજ મ્યાનમારમાં ૨૦૨૧માં લશ્કરી બળવાને કારણે ત્યા Xને બેન કરવામાં આવ્યું હતું. ઉપરાંત રશિયામાં ૨૦૨૨માં રશિયાની સેન્સરશિપ ડિમાન્ડને ફોલો ન કરતાં ઠને બેન કરવામાં આવ્યું હતું.

### શિવાજી વિવાદ

# વીર શિવાજીની પ્રતિમા તોડવાના કારણે મહારાષ્ટ્રના રાજકારણમાં વિવાદ વધુ ઘેરો બન્યો

## આ મામલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીથી લઈને સીએમ એકનાથ શિંદે અને ડેપ્યુટી સીએમ અજિત પવારે ઘણી વખત માફી માંગી છે

મુંબઈ,તા.૩

વીર શિવાજીની પ્રતિમા તોડવાના કારણે મહારાષ્ટ્રના રાજકારણમાં વિવાદ વધુ ઘેરો બની રહ્યો છે. આ મામલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીથી લઈને સીએમ એકનાથ શિંદે અને ડેપ્યુટી સીએમ અજિત પવારે ઘણી વખત માફી માંગી છે, પરંતુ તેમ છતાં વિપક્ષ ગુસ્સે છે, નારાજ છે અને સરકાર વિરુદ્ધ સતત અવાજ ઉઠાવી રહ્યો છે. આ સમગ્ર વિવાદને બહાદુર શિવાજીના અપમાન સાથે જોડવામાં આવ્યો છે.

આ શ્રેણીમાં મહા વિકાસ આઘાડીએ પણ 'જુતા મારો અભિયાન' શરૂ કર્યું હતું જેના કારણે અજિત પવાર ખૂબ નારાજ થઈ ગયા હતા. હવે તેણે મહા વિકાસ આઘાડી માટે જ ચેતવણીનું કામ કર્યું છે. તેઓ કહે છે કે કેટલાક લોકોએ અમારી વિરુદ્ધ જૂતા મારવાની અભિયાન શરૂ કર્યું હતું. તેમની બાજુથી સીએમ શિંદે, ફડણવીસ અને મારા ફોટા પર જૂતા મારવામાં આવ્યા હતા. પણ તમે મને આવા ચંપલ કેમ મારી રહ્યા છો, હિંમત હોય તો આગળ આવો, તો હું તમને બતાવીશ. શા માટે આવી છેતરપિંડી કરો છો? પોતાની વાતને આગળ વધારતા અજિત પવારે ત્યાં સુધી કહ્યું કે આ મામલે કોઈ રાજનીતિ ન થવી જોઈએ.તેઓ કહે છે કે તમે લોકો જ કહો કે કઈ સરકાર ઈચ્છશે કે આવી ઘટના બને? છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમા તુટી તે ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ છે, તેઓ દરેકના ભગવાન છે. અમે રાજ્યની જનતાની માફી માંગી લીધી છે, હવે રાજનીતિ કરવાની જરૂર નથી. આ પહેલા પણ અજિત પવારે કહ્યું હતું કે રાજ્યના ડેપ્યુટી સીએમ હોવાના કારણે હું મહારાષ્ટ્રની ૧૩ કરોડ જનતાની માફી માંગુ છું. શિવાજી મહારાજ આપણા ભગવાન છે અને તેમની પ્રતિમાનું પડવું એ મારા અને રાજ્યના તમામ શિવપ્રેમીઓ માટે ખૂબ જ દુઃખની વાત છે.

ઉલ્લેખનીય છે કે ૮ મહિના પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સિંધુદુર્ગમાં શિવાજી મહારાજની ૩૫ ફૂટ ઊંચી પ્રતિમાનું ઉદ્‌ઘાટન કર્યું હતું. મોટી વાત એ હતી કે નેવી ડેના અવસર પર તેમણે આ પ્રતિમા દેશને સમર્પિત કરી હતી. સમય પહેલા છત્રપતિ શિવાજીએ જે રીતે દેશની નૌકાદળનો પાયો નાખ્યો

### PPF બચત યોજનાઓમાં રોકાણ કરનારાઓ માટે મોટા સમાચાર

# PPF એકાઉન્ટ્સના વિસ્તરણ માટે નવી માર્ગદર્શિકા જાહેર

## સરકાર દ્વારા જાહેર કરાયેલા નવા નિયમો આગામી ૧ ઓક્ટોબરથી કરાશે અમલમાં

નવીદિલ્હી,તા.૩

**PPF, SSY** અને **NSS** જેવી પોસ્ટ ઓફિસની નાની બચત યોજનાઓમાં રોકાણ કરનારાઓ માટે મોટા સમાચાર આવ્યા છે. સરકાર આ યોજનાઓ સાથે સંબંધિત નિયમોમાં કેટલાક ફેરફાર કરવા જઈ રહી છે. જે આગામી ૧ ઓક્ટોબરથી લાગુ થશે.આ અઠવાડિયાની શરૂઆતમાં, કેન્દ્રીય નાણા મંત્રાલયના આર્થિક બાબતોના વિભાગે નવા નિયમો માટે માર્ગદર્શિકા જાહેર કરી છે. નાણા મંત્રાલય દ્વારા નાની બચત ખાતાઓ અંગે જાહેર કરવામાં આવેલી માર્ગદર્શિકા જણાવે છે કે, જો કોઈ ખાતું અનિયમિત જણાય તો તેને નાણા મંત્રાલય દ્વારા જરૂરી નિયમિત કરવા માટે મોકલવામાં આવશે. માર્ગદર્શિકા હેઠળ, વિભાગે જે નવા નિયમો જાહેર કર્યા છે, તે નેશનલ સેવિંગ્સ સ્કીમ, પબ્લિક પ્રોવિડન્ટ ફંડ **(PPF)** અને સુકન્યા સમૃદ્ધિ એકાઉન્ટ માટે લાગુ થશે. ડીજીના આદેશ (૨ એપ્રિલ, ૧૯૯૦) પહેલા ખોલવામાં આવેલા બે **NSS**-૮૭ ખાતાઓ માટે નવા નિયમો હેઠળ પહેલા ખોલાયેલા ખાતા પર, પ્રવર્તમાન સ્કીમ રેટ લાગુ થશે, જ્યારે બીજા ખાતા પર, પ્રવર્તમાન **POSA** દરની સાથે બાકી બેલેન્સ પર ૨૦૦ બીપીએસ દર લાગુ થશે. આ બંને ખાતામાં જમા રકમ વાર્ષિક મર્યાદાથી વધુ ન હોવી જોઈએ. જો વધારે ડિપોઝીટ કરવામાં આવે તો તે વ્યાજ વગર પરત કરવામાં આવશે. ૧ ઓક્ટોબર, ૨૦૨૪થી બંને ખાતાઓ પર શૂન્ય ટકા વ્યાજ દર લાગુ થશે.સગીરના નામે ખોલવામાં આવેલા **PPF** ખાતાઓ માટે : આવા અનિયમિત ખાતાઓ માટે **POSA** વ્યાજ ત્યાં સુધી ચૂકવવામાં આવશે, જ્યાં સુધી વ્યક્તિ (સગીર) ખાતું ખોલવા માટે લાયક ન બને. જ્યારે વ્યક્તિ ૧૮ વર્ષની થાય ત્યારે લાગુ વ્યાજ દર ચૂકવવામાં આવશે. પરિપક્વતા અવધિની ગણતરી તે તારીખથી કરવામાં આવશે જે દિવસે સગીર પુખ્તતાની ઉમર પ્રાપ્ત કરે છે અને ખાતું ખોલવા માટે પાત્ર બને છે.એક કરતાં વધુ **PPF** એકાઉન્ટ જાળવવા પર, પ્રાથમિક ખાતા પર સ્કીમ રેટ મુજબ વ્યાજ આપવામાં આવશે, જો કે ખાતામાં જમા કરાતી રકમ દરેક વર્ષ માટે લાગુ મહત્તમ મર્યાદાની અંદર હોવી જોઈએ. બીજા ખાતાનું બેલેન્સ પ્રથમ ખાતામાં મર્જ કરવામાં આવશે. જો કે પ્રાથમિક એટલે કે જે ખાતા ઉપર સ્કીમ રેટ મુજબ વ્યાજ મળે છે કે ખાતામાં દર વર્ષે રોકાણ મર્યાદામાં રકમ જમા થતી રહે. મર્જર પછી, પ્રાથમિક ખાતું પ્રવર્તમાન સ્કીમ રેટ પર વ્યાજ મેળવવાનું ચાલુ રાખશે. પ્રાથમિક એટલે કે મુખ્ય અને ગૌણ એટલે કે જે બીજુ ખાતુ છે તે ખાતા સિવાયના અન્ય કોઈપણ વધારાના ખાતા પર, ખાતું ખોલવાની તારીખથી શૂન્ય ટકા વ્યાજ દર લાગુ થશે.

### એક મહિનાથી સતત વરસાદ અને ભેજવાળુ વાતાવરણ જોવા મળી રહ્યું છે

# અમદાવાદમાં ડેન્ગ્યુ અને ચિકનગુનિયાના કેસોમાં વધારો

**ઓગસ્ટ મહિનામાં શહેરમાં ડેન્ગ્યુના ૬૮૮ કેસ નોંધાયા હતા સરખેજ, ચાંદખેડા, થલતેજ અને અસારવા વોર્ડમાં ચિકનગુનિયાના છ કેસ નોંધાયા છે**

અમદાવાદ,તા.૩

અમદાવાદમાં છેલ્લા એક મહિનાથી સતત વરસાદ અને ભેજવાળુ વાતાવરણ જોવા મળી રહ્યું છે. નવરંગપુરા, થલતેજ ઉપરાંત ગોતા સહિતના વિસ્તારોમાં ડેન્ગ્યુ અને ચિકનગુનિયાના કેસમાં વધારો થયો છે. ઓગસ્ટ મહિનામાં શહેરમાં ડેન્ગ્યુના ૬૮૮ કેસ નોંધાયા હતા. સરખેજ, ચાંદખેડા, થલતેજ અને અસારવા વોર્ડમાં ચિકનગુનિયાના છ કેસ નોંધાયા છે. ગોતા, થલતેજ, નવરંગપુરા અને વસ્ત્રાલ વોર્ડમાં સૌથી વધુ ડેન્ગ્યુના કેસ છે જે શહેરમાં સૌથી વધુ છે.

મહિના દરમિયાન મચ્છરજન્ય અને પાણીજન્ય રોગોના કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે. ૨૪ ઓગસ્ટ સુધીમાં ડેન્ગ્યુના ૪૮૮ કેસ નોંધાયા હતા. ૩૧ ઓગસ્ટ સુધી એક જ સપ્તાહમાં ડેન્ગ્યુના કેસમાં ૨૦૦નો વધારો થયો છે. ૩૧ ઓગસ્ટ સુધી ડેન્ગ્યુના કેસમાં વધારો થયો છે. કુલ ૬૮૮ કેસ નોંધાયા છે.

સરખેજ ઉપરાંત ગોતા, થલતેજ અને નવરંગપુરા અને વસ્ત્રાલ વોર્ડ. ડેન્ગ્યુના કેસોની સંખ્યા વધી રહી છે. મહાનગરપાલિકાના ઈન્ચાર્જ મેડીકલ ઓફિસર હેલ્થ ડોકટરે જણાવ્યું હતું કે મચ્છરોની ઉત્પત્તિને નિયંત્રણમાં લેવા માટે મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા વિવિધ વોર્ડ વિસ્તારોમાં ફોગીંગ અને અન્ય ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. ઘણા લોકો તેમના ઘરમાં પક્ષીઓ રાખે છે. આ બર્ડ ફીડરમાં મચ્છરોની ઉત્પત્તિ પણ જોવા મળી છે.તંત્રએ નાગરિકોને પક્ષીઓના છોડને સાફ કરવા અને પાણી ભરાયેલા પાણીનો નિકાલ કરવા અપીલ કરી હતી. તંત્રએ પાણી ભરાયેલા ટાયર સહિત કાઢી નાખવામાં આવેલ કાટમાળને દૂર કરવા પણ અપીલ કરી હતી. પાણીજન્ય રોગોના કેસો પણ વધી રહ્યા છે. શહેરના વિવિધ વિસ્તારોમાંથી પાણીના સેમ્પલ લેવામાં આવ્યા હતા. ઓગસ્ટ મહિનામાં લીધેલા પાણીના સેમ્પલમાંથી ૪૩૦ સેમ્પલના ક્લોરિન રિપોર્ટ બ્લુ આવ્યા છે. આઈ. ૧૬૫ પાણીના સેમ્પલ અનફીટ જાહેર કરાયા હતા.

### ધારાસભ્યો અને મંત્રીઓની સરભરા માટે થયેલો આ ખર્ચ મંદિર ટ્રસ્ટે ચુકવી દીધો

# અંબાજીમાં ભાજપના VIPઓની સરભરા પાછળ દેવસ્થાન ટ્રસ્ટે ચુકવ્યા ૧૨ લાખ રૂપિયા

**પરિક્રમાં દરમિયાન પ્રત્યેક રાજકારણીની બે ટાઈમ ચાનો ખર્ચ ૭૨૦ રૂપિયા અને ભોજનનો ખર્ચ ૧૭૪૫ રૂપિયા થયો છે**

અંબાજી,તા.૩

અંબાજીમાં આયોજિત થયેલા ૫૧ શક્તિપીઠ મહોત્સવમાં મુખ્યમંત્રી, મંત્રીઓ અને ધારાસભ્યો સામેલ થયા હતા. આ મંત્રીઓના ચા-પાણી, નાસ્તા અને ભોજન સહિતની સરભરામાં ૧૧ લાખ ૩૩ હજાર ૯૨૪ રૂપિયાનો ખર્ચ થયો હતો. આ ખર્ચ સામાન્ય રીતે સરકારના સરભરા બજેટમાંથી ચુકવવાનો થતો હોય છે. પરંતુ આ VIP પરિક્રમાનો તમામ ખર્ચ અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના માથે નાખવામાં આવ્યો અને દેવસ્થાન ટ્રસ્ટે આ તમામ ખર્ચ ચુકવી દીધો છે.આ પરિક્રમાં દરમિયાન પ્રત્યેક રાજકારણીની બે ટાઈમ ચાનો ખર્ચ ૭૨૦ રૂપિયા અને ભોજનનો ખર્ચ ૧૭૪૫ રૂપિયા થયો છે. મુખ્યમંત્રી, કેબિનેટ મંત્રી, ધારાસભ્યો અને પાર્ટીના નેતાઓ ફેબ્રુઆરી મહિનામાં બજેટ સત્ર બાદ ૫૧ શક્તિપીઠ પરિક્રમાં મહોત્સવમાં ગયા હતા. આ તમામ VIP ના ભોજન, ચા- નાસ્તાના ખર્ચની ચોંકાવનારી વિગતો સામે આવી છે.આ ખર્ચને લઈને હવે કોંગ્રેસ પણ મેદાનમાં આવી છે અને સરકાર સામે સવાલ ઉઠાવ્યા છે.કોંગ્રેસે આક્ષેપ કર્યો છે કે ભાજપના ધારાસભ્યોની આગતા સ્વાગતા માટે એક ટાઈમ હાઈ ટી ૩૬૦ રૂ.ની કિંમતની ગબ્બર ખાતે અને બીજી ચા સર્કિટ હાઉસ ખાતે આપવામાં આવી હતી. આ બે ટાઈમની ચા નો ખર્ચ ૭૨૦ રૂપિયા ચુકવાયો છે. આ ઉપરાંત ૧૭૪૫ રૂપિયાની મોંઘી ભોજનની ડીશ પણ પીરસવામાં આવી હતી. આમ કુલ બે ટાઈમ ચાના ૭૨૦ રૂપિયા અને ભોજનના પ્રતિ ડીશ ૧૭૪૫ રૂપિયા લેખે અંદાજે ૧૨ લાખ જેટલો ખર્ચ થયો. પરંતુ આ ખર્ચ અંબાજી મંદિર ટ્રસ્ટમાંથી ચૂકવવામાં આવ્યો હતો. જેને લઈને દાંતાના કોંગ્રેસના ધારાસભ્ય કાંતિ ખરાડી, કોંગ્રેસના પ્રવક્તા હેમાંગ રાવલ સહિતના આગેવાનોએ વહીવટદારને આવેદનપત્ર પાઠવી સરકારને ઘેરી.આ મામલે કોંગ્રેસના નેતાઓએ ચીમકી ઉચ્ચારી છે કે જો મંદિર ટ્રસ્ટ દ્વારા ચૂકવેલા રૂપિયા ટ્રસ્ટમાં પરત જમા નહીં થાય તો કોંગ્રેસ ભાજપના તમામ ધારાસભ્યોના વિસ્તારો જશે. જ્યાં અંબાજી મંદિરના QR કોડના માધ્યમથી જે-તે MLAના વિસ્તારના લોકો પાસેથી રૂપિયા ઉઘરાવવામાં આવશે, અને એ રૂપિયા ટ્રસ્ટમાં ફરી જમા કરાવવામાં આવશે.

### ગુજરાતના રેશનિંગ વિતરકો માટે મોટા સમાચાર

# ઈ-પ્રોફાઈલિંગની નવી નીતિની અમલવારી પર મહત્વનો નિર્ણય

**તાજેતરમાં રેશનીગ વિતરક દુકાનદારોના મંડળ અને અન્ન નાગરિક પુરવઠા વિભાગ વચ્ચે બેઠક મળી હતી જેમાં આ રજુઆત કરવામાં આવી હતી**

અમદાવાદ,તા.૩

રેશનીગ વિતરક દુકાનદારો માટે મોટા સમાચાર સામે આવ્યા હતા. જેમાં ઈ-પ્રોફાઈલિંગની અમલવારી દિવાળી બાદ કરવા રજુઆત કરવામાં આવી છે. તાજેતરમાં રેશનીગ વિતરક દુકાનદારોના મંડળ અને અન્ન નાગરિક પુરવઠા વિભાગ વચ્ચે બેઠક મળી હતી. જેમાં આ રજુઆત કરવામાં આવી હતી.

તાજેતરમાં રેશનીગ વિતરક દુકાનદારોના મંડળ અને અન્ન નાગરિક પુરવઠા વિભાગ વચ્ચે બેઠક મળી હતી. જેમાં ગુજરાત ફેર પ્રાઈઝ શોપ્સ એન્ડ કેરોસીન લાયસન્સ હોલ્ડર એસોસિએશનના સભ્યો દ્વારા ઈ-પ્રોફાઈલિંગની અમલવારી દિવાળી બાદ કરવાની રજુઆત કરાવામાં આવી હતી તેમ એસોસિએશનના પ્રમુખ પ્રહ્લાદ મોદીએ જણાવ્યુ હતુ.ત્યારે વધુમા આ બાબતે અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના એમડી તુષાર ધોળકિયાએ જણાવ્યુ હતુ કે આ રૂટિન બેઠક હતી. જેમાં સરકારની યોજનાનો અમલીકરણ થાય તે વિષયે ચર્ચા કરવામાં આવતી હોય છે. તેમાં રાજ્યના તમામ દુકાનદાર માલિકોની ઈ-પ્રોફાઈલ બનાવવામા આવશે જેનો અમે આવતીકાલથી અમલ કરવાની હતા. પરંતુ એસોશિએશની રજૂઆતના આધારે દિવાળીના તહેવારો બાદ અમલવારી કરવામાં આવશે.રાજ્યના તમામ દુકાનદાર માલિકોની ઈ-પ્રોફાઈલ બનાવવામા આવશે. અને રેશનકાર્ડ દુકાનદારોના ફિંગર પ્રિન્ટના આધારે જ રેશનિંગ દુકાનદાર નું સોફ્ટવેર ઓપરેટ થઈ શકશે. જેમાં રાજ્યના ૧૭ હજાર રેશનિંગ દુકાનદારોની ઈ-પ્રોફાઈલિંગ તૈયાર થશે.

### નીચાણવાળા વિસ્તારોને કરાયા એલર્ટ

# મહીસાગરમાં ભારે વરસાદથી ભાદર ડેમ ૯૫ ટકા જેટલો ભરાયો

**ભારે વરસાદથી ભાદર ડેમ ૯૫ ટકા જેટલો ભરાયો છે જેના પગલે સ્થાનિકો અને ખેડૂતોમાં ખુશીની લાગણી જોવા મળી રહી છે**

ખાનપુર,તા.૩

ગુજરાતમાં વરસાદનો વધુ એક રાઉન્ડ શરુ થયો છે. વરસાદના પગલે જળાશયોમાં નવા નીર આવ્યા છે. મહીસાગર જિલ્લામાં પણ ધોધમાર વરસાદ ખાબક્યો છે. ભારે વરસાદથી ભાદર ડેમ ૯૫ ટકા જેટલો ભરાયો છે. જેના પગલે સ્થાનિકો અને ખેડૂતોમાં ખુશીની લાગણી જોવા મળી રહી છે.

મહીસાગર જિલ્લાના ખાનપુર તાલુકામાં ૪ ઈંચ વરસાદ ખાબક્યો છે. ભારે વરસાદથી ભાદર ડેમ ૯૫ ટકા જેટલો ભરાયો છે. ભાદર ડેમમાંથી ભાદર નદીમાં ૬૮૦ ક્યુસેક પાણી છોડાયું છે. ભાદર ડેમના ૨ ગેટ ૦.૧૦ મીટર સુધી ખોલી નદીમાં પાણી છોડાયું છે. જેના પગલે નીચાણવાળા ૮ ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે. નીચાણવાળા વિસ્તારોમાં લોકોને ન જવા સુચના આપવામાં આવી છે.

### નરોડામાં સૌથી વધુ સાડા ત્રણ ઈંચ વરસાદ નોંધાયો

# અમદાવાદમાં મોડીરાતથી સવાર સુધી વરસાદ ખાબક્યો

**કોતરપુર, મેમ્કો, વટવા, નિકોલ, ઓઢવમાં પોણા બે ઈંચ, બીજી તરફ પશ્ચિમમાં અડધા ઈંચ જ વરસાદ છે**

અમદાવાદ,તા.૩

અમદાવાદમાં મોડી રાત્રિથી ઝરમર વરસાદ શરૂ થયો છે. જેમાં સમગ્ર અમદાવાદમાં આખી રાતથી ધીમી ધારે વરસાદ વરસી રહ્યો છે. હવામાન વિભાગની (IMD) આગાહી મુજબ આજે પણ અમદાવાદમાં વરસાદ રહેશે.

જેમાં અમદાવાદ ઉપરાંત ગુજરાતના અનેક જિલ્લામાં ક્યાંક ધીમી ધારે તો ક્યાંક ભારે વરસાદ રહેશે. ગઈકાલે પણ દિવસભર ધીમી ધારે વરસ્યા બાદ સમીસાંજે મેઘરાજાની તોફાની બેટિંગ જોવા મળી હતી.

પૂર્વમાં જળબંબાકારની સ્થિતિ છે. જેમાં નરોડામાં સૌથી વધુ સાડા ત્રણ અને મણિનગરમાં બે ઈંચ વરસાદ પડ્યો છે. અમદાવાદ પર નવી સિસ્ટમ પુનઃ સક્રિય થઈ છે, જેમાં વરસાદથી ઠેરઠેર પાણી ભરાતાં રહીશો, વાહનચાલકોને ભારે હાલાકી પડી રહી છે. કોતરપુર, મેમ્કો, વટવા, નિકોલ, ઓઢવમાં પોણા બે ઈંચ, બીજી તરફ પશ્ચિમમાં અડધા ઈંચ જ વરસાદ છે. સોમવારે સવારથી શહેરના જુદા જુદા વિસ્તારોમાં વીજળીના કડાકા સાથે વરસાદ શરૂ થયો હતો અને દિવસ દરમિયાન શહેરમાં સરેરાશ સવા ઈંચ વરસાદ વરસ્યો હતો. અમદાવાદ પર નવી સિસ્ટમ પુનઃ સક્રિય થવા સાથે શહેરના પૂર્વ પટ્ટામાં બારે મેઘ ખાંગા થયા હતા અને નરોડામાં સૌથી વધુ સાડા ત્રણ ઈંચ વરસાદ નોંધાયો હતો.

કુબેરનગર મેઈન બજાર, સૈજપુર, સિંધી બજાર, વગેરે વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી અને લોકોના મકાનો અને દુકાનોમાં પણ પાણી ઘુસી ગયા હતા. આ ઉપરાંત મણિનગરમાં બે, કોતરપુર, મેમ્કો, વટવા, નિકોલ, અને ઓઢવમાં પોણા બે તથા રામોલમાં દોઢ ઈંચ વરસાદ નોંધાયો હતો. સાંજના સમયે મેઘરાજાએ તોફાની બેટિંગ કરતા અનેક સ્થળે પાણી ભરાવાને કારણે નોકરી-ધંધેથી ઘેર જનારા લોકોને હાલાકીનો સામનો કરવો પડયો હતો. તેમજ ઠેર ઠેર ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળ્યા હતા.

### CM બિરેન સિંહના જમાઈ અને BJP MLAએ અમિત શાહને લખ્યો પત્ર

# 'મણીપુરમાંથી કેન્દ્રીય સુરક્ષા દળોને પાછા ખેંચવા જોઈએ...'

**ભાજપના ધારાસભ્ય રાજકુમાર ઈમો સિંહે કહ્યું કે મણિપુરમાં ૬૦,૦૦૦ કેન્દ્રીય દળોની હાજરી હોવા છતાં, શાંતિ પુનઃસ્થાપિત થઈ નથી**

નવી દિલ્હી, તા.૩

મણિપુરમાં બધું સારું નથી. હિંસાની ઘટનાઓએ રાજ્ય સરકારથી લઈને કેન્દ્ર સરકાર સુધીની સમસ્યાઓમાં વધારો કર્યો છે. દરમિયાન, ભાજપના ધારાસભ્ય રાજકુમાર ઈમો સિંહે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહને પત્ર લખ્યો છે અને સરકારને વિનંતી કરી છે કે જો તેઓ હિંસા અસરકારક રીતે રોકવામાં અસમર્થ હોય તો રાજ્યમાંથી કેન્દ્રીય દળોને પાછા ખેંચી લે. રાજકુમાર મણિપુરના મુખ્યમંત્રી એન બિરેન સિંહના જમાઈ પણ છે.તેમણે પત્રમાં જણાવ્યું હતું કે, જો કેન્દ્રીય દળો હિંસા રોકવામાં સફળ ન થાય, તો તેમને પાછા ખેંચી લેવા જોઈએ અને વંશીય સંઘર્ષગ્રસ્ત રાજ્યમાં શાંતિ પુનઃસ્થાપિત કરવાનો પ્રયાસ કરવા માટે રાજ્ય સુરક્ષા કર્મચારીઓને જવાબદારી સંભાળવાની મંજૂરી આપવી જોઈએ. તેમણે દલીલ કરી હતી કે મણિપુરમાં લગભગ ૬૦ હજાર કેન્દ્રીય દળોની હાજરી હોવા છતાં, શાંતિ પુનઃસ્થાપિત થઈ શકી નથી.પ્રિન્સ ઈમો સિંહે કહ્યું કે મણિપુરમાં લગભગ ૬૦,૦૦૦ કેન્દ્રીય દળોની હાજરી હોવા છતાં, શાંતિ પુનઃસ્થાપિત થઈ નથી, તેથી આવા દળોને દૂર કરવું વધુ સારું છે જે મોટે ભાગે મૂક દર્શક તરીકે હાજર હોય છે. તેમણે રાજ્ય સરકાર અને જનતાના સહકારના અભાવે આસામ રાઈફલ્સના કેટલાક એકમોને પાછા ખેંચવાનો પણ ઉલ્લેખ કર્યો.તેમણે કહ્યું કે, અમે આસામ રાઈફલ્સના કેટલાક એકમોને હટાવવાની કાર્યવાહીથી ખુશ છીએ જે રાજ્ય સરકાર અને જનતાને સહકાર આપી રહ્યા ન હતા, પરંતુ જો આ અન્ય કેન્દ્રીય દળોની હાજરી પણ હિંસા રોકી શકતી નથી તો તેમને હટાવવા જોઈએ અને રાજ્ય સરકાર દળો ભગવાન આદેશ લેવા અને શાંતિ લાવવા માટે પરવાનગી આપે છે.ધારાસભ્યએ યુનિફાઈડ કમાન્ડ ઓથોરિટીને રાજ્ય સરકારને ટ્રાન્સફર કરવાની દરખાસ્ત પણ કરી છે. તેમણે હાલની વ્યવસ્થાને હિંસા રોકવામાં બિનઅસરકારક ગણાવી અને તેની ટીકા કરી. દલીલ કરી હતી કે શાંતિ પુનઃસ્થાપિત કરવા માટે આ ટ્રાન્સફર મહત્વપૂર્ણ છે. તેમણે કહ્યું કે, કેન્દ્ર સરકારે મુખ્યમંત્રીની આગેવાની હેઠળની રાજ્ય સરકારને એકીકૃત કમાન્ડ સોંપવી જોઈએ અને રાજ્યમાં શાંતિ અને સામાન્યતા લાવવા માટે કાયદા દ્વારા નિર્ધારિત પ્રક્રિયાઓ અનુસાર કામ કરવા દેવું જોઈએ.તમને જણાવી દઈએ કે રાજ્યમાં હિંસા ફેલાયા બાદ ગૃહ મંત્રાલયે ગત વર્ષે CRPFના પૂર્વ ડાયરેકટર જનરલ કુલદીપ સિંહને મણિપુર સરકારના સુરક્ષા સલાહકાર તરીકે નિયુક્ત કર્યા હતા. યુનિફાઈડ કમાન્ડ વિવિધ એજન્સીઓ અને દળોના અહેવાલોની દેખરેખ રાખે છે.

# વડોદરામાં મોડીરાતથી સવાર સુધી વરસાદ, લોકોમાં ચિંતા અને ઉજાગરા

**મોડી રાતથી સવાર સુધી પડેલા વરસાદના લીધે લોકોના ચહેરા પર ચિંતાની લકીરો ઉપસી આવી છે**

વડોદરા,તા.૩

વડોદરા શહેર અને જિલ્લામાં આજે મોડી રાતથી સવાર સુધી વરસાદ પડ્યો હતો. જેમાં વડોદરા શહેરમાં મેઘરાજા મહેરબાન થતા હિલ સ્ટેશન જેવી સ્થિતિ છે. મોડી રાતથી સવાર સુધી પડેલા વરસાદના લીધે લોકોના ચહેરા પર ચિંતાની લકીરો ઉપસી આવી છે. કેટલાય લોકોએ રાતે ઉજાગરા કર્યા હતા. વડોદરામાં ઉપરવાસમાં વરસાદને કારણે આજે તળાવમાં પાણી ઘુસી ગયા છે. જેમાં આજવા તળાવનું લેવલ ૨૧૨.૧૫ ફૂટ અને પ્રતાપપુરા ડેમનું લેવલ પણ ૨૨૫.૨૨ ફૂટે પહોંચ્યું છે. આ ઉપરાંત અમદાવાદમાં મોડી રાત્રિથી ઝરમર વરસાદ શરૂ થયો છે. જેમાં સમગ્ર અમદાવાદમાં આખી રાતથી ધીમી ધારે વરસાદ વરસી રહ્યો છે. હવામાન વિભાગની આગાહી મુજબ આજે પણ અમદાવાદમાં વરસાદ રહેશે. જેમાં અમદાવાદ ઉપરાંત ગુજરાતના અનેક જિલ્લામાં ક્યાંક ધીમી ધારે તો ક્યાંક ભારે વરસાદ રહેશે. ગઈકાલે પણ દિવસભર ધીમી ધારે વરસ્યા બાદ સમીસાંજે મેઘરાજાની તોફાની બેટિંગ જોવા મળી હતી. વિશ્વામિત્ર નદીનું જળસ્તર ૧૧.૭૧ ફૂટે પહોંચી ગયું છે. રાત્રે ૧૦ વાગ્યાથી સવારે ૬ વાગ્યા સુધીના વરસાદના આંકડા મુજબ વડોદરામાં ૩૪ મિમી, સાવલીમાં ૪૬ મિમી, ડભોઈમાં ૧૬ મિમી, વાઘોડિયામાં ૧૫ મિમી, ડેસરમાં ૬૭ મિમી, પાદરામાં ૨૫ મિમી અને સિનોરમાં ૨૨ મિમી અને કર્જનમાં ૭૧ મિમી વરસાદ નોંધાયો હતો, જેમાં સૌથી વધુ વરસાદ કરજણમાં ૭૧ મી.મી. જ્યારે સૌથી ઓછો વરસાદ ડભોઈમાં ૧૬ મી.મી. વડોદરા શહેરના કેટલાક વિસ્તારોમાં હજુ પણ વિશ્વામિત્રી નદીના પૂરના પાણી ઓસર્યા નથી, નવા વરસાદે ચિંતા વધારી દીધી છે. હવામાન વિભાગની આગાહી મુજબ આજે સવારથી શહેરના અનેક વિસ્તારોમાં વરસાદ પડી રહ્યો છે. વડોદરા અને ઉપરવાસમાં વરસાદના કારણે શહેરના અનેક વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. આજવા તળાવમાંથી પાણી છોડવાને કારણે વિશ્વામિત્રી નદી છલકાતા અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. જોકે, પૂરથી પ્રભાવિત ઘણા વિસ્તારોમાંથી પાણી ઓસર્યું નથી. લોકોને લાખો રૂપિયાનું નુકસાન થયું છે.

### ધરપકડનો પડકાર પણ આપ્યો

# CM કેજરીવાલના જામીન પર ૫ સપ્ટેમ્બરે SCમાં થશે સુનાવણી

**બીજા નંબર પર સુનાવણી માટે સૂચિબદ્ધ છે અને આ સૂચવે છે કે કોર્ટ ટૂંક સમયમાં જ તેના જામીન પર સુનાવણી કરશે**

નવી દિલ્હી, તા.૩

દિલ્હી લિકર પોલિસી કૌભાંડ કેસમાં CBI દ્વારા ધરપકડ કરાયેલા દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની જામીન અરજી પર સુપ્રીમ કોર્ટમાં 5 સપ્ટેમ્બરે સુનાવણી થશે. કોર્ટે આ કેસને સુનાવણી માટે લિસ્ટ કર્યો છે. સીએમ કેજરીવાલની અગાઉ ઈડી દ્વારા ધરપકડ કરવામાં આવી હતી પરંતુ તે કેસમાં જામીન મળ્યા બાદ સીબીઆઈએ જેલમાંથી જ તેમની ધરપકડ કરી હતી.જસ્ટિસ સૂર્યકાંત, જસ્ટિસ સીટી રવિકુમાર અને જસ્ટિસ ઉજ્જલ ભુઈયાની સ્પેશિયલ બેન્ચ આ અરજી પર સુનાવણી કરશે. ED કેસમાં અગાઉ કોર્ટે સીએમને મુક્ત કરવાનો આદેશ આપ્યો હતો. હવે સીબીઆઈ કેસમાં તેની જામીન અરજી પર કોર્ટમાં સુનાવણી થશે અને ત્યારબાદ નક્કી થશે કે તેને જામીન મળશે કે નહીં.કેસ બીજા નંબર પર સુનાવણી માટે સૂચિબદ્ધ છે અને આ સૂચવે છે કે કોર્ટ ટૂંક સમયમાં જ તેના જામીન પર સુનાવણી કરશે. લોકોમાં આ બાબતને લઈને ઘણી ચર્ચા થઈ રહી છે, કારણ કે દારૂ નીતિ કૌભાંડના આરોપથી દિલ્હીના રાજકારણમાં ભારે ખળભળાટ મચી ગયો છે. કેજરીવાલે તેની ધરપકડને રાજકીય ષડયંત્ર ગણાવીને પડકાર્યો છે અને ન્યાયની માંગણી કરી છે.સ્પેશિયલ બેન્ચ સમક્ષ સુનાવણી માટે બે અરજીઓ છે, જેમાંથી એક તેમની ધરપકડને પડકારી રહી છે અને બીજી સીબીઆઈ કેસના સંબંધમાં તેમની જામીન અરજી છે. જો કેજરીવાલને જામીન મળે તો દિલ્હીના રાજકારણ પર તેની ઊંડી અસર પડી શકે છે.મુખ્યમંત્રી કેજરીવાલના સમર્થકોમાં આ બાબતે ઉત્સુકતા અને ચિંતા બંને છે, કારણ કે તેમના નેતાને મુક્ત કરવાનો નિર્ણય તેમની સરકારના ભાવિ પર અસર કરી શકે છે. આગામી સુનાવણી બાદ સુપ્રીમ કોર્ટ શું નિર્ણય લેશે તેના પર તમામની નજર ટકેલી છે.

### વચગાળાની સરકારના વિદેશ સલાહકાર તૌહીદ હુસૈને કહ્યું

# 'બાંગ્લાદેશ ભારત સાથે મજબૂત સંબંધો ઈચ્છે છે'

**"ભારત પ્રત્યે લોકોના અસંતોષને ઓછો કરવો શક્ય છે, હું માનું છું કે આપણે તેને સંબોધવા માટે યોગ્ય દ્વિપક્ષીય પગલાં લેવાની જરૂર છે" : તૌહીદ હુસૈન**

ઢાકા, તા.૩

બાંગ્લાદેશના વિદેશ બાબતોના સલાહકાર તૌહીદ હુસૈને સોમવારે કહ્યું હતું કે વચગાળાની સરકાર ભારત સાથે લોકો વચ્ચેના મજબૂત સંબંધો જોવા માંગે છે. તેમણે કહ્યું કે અગાઉની શેખ હસીના સરકારમાં આનો અભાવ હતો. મીડિયા સાથે વાત કરતા હુસૈને કહ્યું, "ભારત પ્રત્યે લોકોના અસંતોષને ઓછો કરવો શક્ય છે. હું માનું છું કે આપણે તેને સંબોધવા માટે યોગ્ય દ્વિપક્ષીય પગલાં લેવાની જરૂર છે."તેમણે કહ્યું કે બાંગ્લાદેશ-ભારત સંબંધોનો 'ગોલ્ડન ચેપ્ટર' સરકારી સ્તરે સ્પષ્ટ છે, પરંતુ તે સામાન્ય લોકો સુધી પહોંચ્યો નથી. "અમે મજબૂત લોકો-થી-લોકો સંબંધો જોવા માંગીએ છીએ. જનતાએ સમજવું જોઈએ કે બાંગ્લાદેશ અને ભારતના ખરેખર સારા સંબંધો છે, પરંતુ કમનસીબે, આ પાસામાં અભાવ રહ્યો છે," તેમણે કહ્યું.તેમણે બાંગ્લાદેશમાં હિંસા પછી ભારતીય મીડિયાના અહેવાલની ટીકા કરી હતી અને તેને કથા ફેલાવવાનો પ્રયાસ ગણાવ્યો હતો. પ્રાદેશિક સહકાર અંગે, હુસૈને કહ્યું કે તેઓ આશા રાખે છે કે બહુ-ક્ષેત્રિક ટેકનિકલ અને આર્થિક સહકાર માટે બંગાળની ખાડી પહેલ (BIMSTEC) દક્ષિણ એશિયન એસોસિયેશન ફોર રિજનલ કોઓપરેશન (SAARC) ના વિકલ્પ તરીકે કામ કરી શકે છે.જો કે, તેમણે એમ પણ કહ્યું કે જ્યાં સુધી મ્યાનમારમાં શાંતિ પુનઃસ્થાપિત ન થાય ત્યાં સુધી BIMSTEC સંપૂર્ણ રીતે અસરકારક બની શકે નહીં. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે બાંગ્લાદેશ હાલમાં BIMSTECને સાર્કના વિકલ્પ તરીકે જોવા માંગતું નથી. હુસૈને કહ્યું કે મુખ્ય સલાહકાર મુહમ્મદ યુનુસ સાર્કને પ્રાદેશિક મંચ તરીકે પુનઃજીવિત કરવા આતુર છે. સાર્ક 2016 થી બહુ અસરકારક રહ્યું નથી, કારણ કે 2014 માં કાઠમંડુમાં છેલ્લી સમિટ પછી તેણે દ્વિવાર્ષિક સમિટ યોજી નથી.2016ની સાર્ક સમિટ ઈસ્લામાબાદમાં યોજાવાની હતી પરંતુ તે વર્ષે 18 સપ્ટેમ્બરે જમ્મુ અને કાશ્મીરના ઉરીમાં ભારતીય સેનાના કેમ્પ પર થયેલા આતંકવાદી હુમલા બાદ, ભારતે "પ્રવર્તમાન સંજોગો"ને કારણે સમિટમાં હાજરી આપવા માટે અસમર્થતા દર્શાવી હતી. બાંગ્લાદેશ, ભૂટાન અને અફઘાનિસ્તાને પણ ઈસ્લામાબાદ કોન્ફરન્સમાં ભાગ લેવાનો ઈન્કાર કર્યાબાદ સમિટ રદ્દ કરવામાંઆવી હતી. આ પ્રાદેશિક જૂથમાં અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ, ભૂતાન, ભારત, માલદીવ, નેપાળ, પાકિસ્તાન અને શ્રીલંકાનો સમાવેશ થાય છે.BIMSTEC, અથવા બહુ-ક્ષેત્રીય ટેકનિકલ અને આર્થિક સહકાર માટે બંગાળની ખાડી પહેલ, દક્ષિણ એશિયા અને દક્ષિણપૂર્વ એશિયાના દેશો - બાંગ્લાદેશ, ભારત, મ્યાનમાર, શ્રીલંકા, થાઈલેન્ડ, ભૂતાન અને નેપાળનો સમૂહ છે. આ પ્રાદેશિક એકતાનું પ્રતિક છે.

### ભરૂચના વાલિયામાં આભ ફાટ્યા જેવી સ્થિતિ

# ભરૂચના વાલિયામાં ૧૨ ઈંચ વરસાદ ખાબકતા આભ ફાટ્યા જેવી સ્થિતિ સર્જાઇ

**ભારે વરસાદના પગલે વાલિયાના નીચાણવાળા વિસ્તારના ગામોને એલર્ટ કરી દેવામાં આવ્યા હતા, ભરૂચ તાલુકાની શાળાઓમાં રજા જાહેર કરવામાં આવી છે**

ભરૂચ,તા.૩

ભરૂચના વાલિયામાં આભ ફાટ્યા જેવી સ્થિતિ સર્જાઇ છે. છેલ્લા ૨૪ કલાકમાં ભરૂચના વાલિયામાં ૧૨ ઈંચ વરસાદથી જળબંબાકાર થયું છે. વાલિયાના માર્ગો પર વરસાદના પાણી ફરી વળ્યા હતા. રસ્તાઓ પર પાણી ભરાતા વાહન વ્યવહાર પ્રભાવિત થયો હતો. દોલતપુર ગામને જોડતા કોઝ-વે પર પાણી ફરી વળ્યા હતા. કોઝ-વે પર પાણી ફરી વળતા વાહન વ્યવહાર બંધ કરાયો છે. સોડગામ જવાના મુખ્યમાર્ગ પર પણ પાણીના કારણે વાહન વ્યવહાર ઠપ્પ થયો છે. વાલિયાના નીચાણવાળા ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે. ભારે વરસાદના કારણે ભરૂચ તાલુકાની શાળાઓમાં રજા જાહેર કરવામાં આવી છે.વાલિયા પંથકમાં ૧૨ ઈંચથી વધુ વરસાદથી જ્યાં જુઓ ત્યાં જળની સ્થિતિ છે. વાલિયાનું ડહેલી ગામ પાણીમાં ગરકાવ થયું છે. મુખ્ય બજાર અને લોકોના ઘરોમાં પાણી ભરાયા હતા. વાલિયાના દેસાડ અને સોડગામ પણ બેટમાં ફેરવાયા હતા. વનખાડી અને કીમ નદીના પાણી ફરી વળ્યા હતા. વાલિયાથી માંગરોળ અને અંકલેશ્વરના માર્ગ પર પાણી ભરાયા હતા. વાલિયાના ડહેલીમાં મહાદેવ મંદિર પાણીમાં જળમગ્ન થયા છે.

વાલિયાના દેસાળ ગામના ચોંકાવનારા દ્રશ્યો સામે આવ્યા છે. ગામમાં નદીના ધસમસતા પાણી જોવા મળી રહ્યા છે. ગામમાં પાણી ઘૂસતા ગામ લોકોને અન્ય સ્થળે ખસેડવામાં આવી રહ્યા છે. દેહલી બાદ દેસાળ ગામમાં પણ લોકોના ઘરોમાં પાણી ઘૂસ્યા હતા. કિમ નદીનું જળસ્તર વધતા લોકો ગામ છોડી જવા મજબૂર બન્યા છે.

મહીસાગર જિલ્લામાં પણ ધોધમાર વરસાદ વરસ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં લુણાવાડામાં સાડા પાંચ ઈંચ વરસાદ વરસ્યો હતો. વીરપુર તાલુકામાં સાડા ચાર ઈંચ વરસાદ વરસ્યો હતો. બાલાસિનોરમાં ચાર ઈંચ વરસાદ થયો હતો. ખાનપુર, કડાણા, સંતરામપુરમાં ત્રણ ત્રણ ઈંચ વરસાદ વરસ્યો હતો.મહીસાગર જિલ્લાનો કડાણા ડેમ હાઈએલર્ટ પર છે. કડાણા ડેમ ૯૪.૮૧ ટકા ભરાતા હાઈએલર્ટ જાહેર કરાયો છે. ડેમમાં હાલ ૫૭ હજાર ૮૧૮ ક્યુસેક પાણીની આવક થઈ રહી છે જ્યારે ૪૫ હજાર ૧૮૦ ક્યુસેક પાણીની જાવક થઈ છે. ડેમના પાંચ ગેટ ખોલી નદીમાં પાણી છોડવામાં આવી રહ્યું છે. ડેમમાંથી પાણી છોડાતા કાંઠા વિસ્તારોને એલર્ટ કરવામાં આવ્યા છે.

ધોધમાર વરસાદથી સુરત જિલ્લાનું વડોલી ગામ સંપર્ક વિહોણું થયું છે. ટોકરી નદીના પાણી ગામની ચારેય બાજુ ફરી વળ્યા હતા. ભારે વરસાદથી ટોકરી નદીમાં ઘોડાપૂર આવ્યું છે. માંગરોળ તાલુકામાં મોડી રાત્રે ધોધમાર વરસાદ વરસ્યો હતો. સુરતના ઓલપાડના કીમ ગામે જળબંબાકારની સ્થિતિ સર્જાઇ હતી. કીમમાં ભારે વરસાદથી સ્ટેટ હાઈવે પર ઘૂંટણસમા પાણી ભરાયા હતા. કીમ રેલવે ઓવરબ્રિજના સર્વિસ રોડ પર પણ પાણી ભરાયા હતા. અમૃતનગર, પોસ્ટ ઓફિસ રોડ, અજમેરી નગર વિસ્તાર બેટમાં ફેરવાયો હતો. ભારે વરસાદથી મહેસાણા જિલ્લામાં પણ પાણી ભરાઇ ગયા હતા. મહેસાણા-મોઢેરા રોડ પર પાણી ભરાયા હતા. કાશિકુંજ સોસાયટી, શ્યામ બંગલો વિસ્તાર જળમગ્ન થયા હતા. ગ્રીન પાર્ક સહિતની સોસાયટીઓના રોડ પર પાણી ભરાયા હતા. પાણી ભરાતા વાહન ચાલકો, સ્થાનિકોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

# બગસરા : કવિ ડો. વિનોદ રાવલના કાવ્યસંગ્રહ "હરિ આવ્યા તળેટીમાં" નો પ્રાગટય ઉત્સવ ઉજવાયો






શ્રાવણ માસના પાવન દિવસોમાં અમરેલીના અગ્રણી ડો. (સેવા ભારતી હોસ્પિટલ) અને જાણીતા કવિ ડો. વિનોદ રાવલના કાવ્યસંગ્રહ "હરિ આવ્યા તળેટીમાં" નો મંગલમય વિમોચન સમારોહ તારીખ ૧–૯–૨૪ને રવિવારના રોજ અમરેલી બી.એ.પી.એસ સ્વામી નારાયણ મંદિર ખાતે જીલ્લાના અગ્રણી સર્જકો, તબીબો, સામાજીક અગ્રણીઓ, પરિવારજનોની ભાવમય હાજરીમાં ઉત્સવમય માહોલમાં સંપન્ન થયો હતો. ઈન્ડિયન રેડ ક્રોસ અમરેલીના પ્રમુખ અને જાણીતા લોકપ્રિય નેતા ડો.ભરતભાઈ કાનાબારના અધ્યક્ષ પદે આયોજીત આ ઉપક્રમમાં આર્શીવચન પાઠવવા અને વિમોચન કરવા માટે વંદનીય સંત અધ્યાત્મ સ્વરૂપ સ્વામી (કોઠારી સ્વામી બી.એ.પી.એસ મંદિર ગઢડા) તથા સાધુ ચરિત સ્વામી (કોઠારી સ્વામી બી.એ.પી.એસ મંદિર અમરેલી) ખાસ ઉપસ્થિતિ રહી શુભકામનાઓ પાઠવી હતી. અતિથિ વિશેષ તરીકે ઈન્ડિયન મેડિકલ એસોસિયન અમરેલીના પ્રમુખ અને જાણીતા ડો. જી.જે.ગજેરા તથા અગ્રણી ઉદ્યોગપતિ દિનેશભાઈ ભૂવાની ખાસ ઉપસ્થિતિ સાથે પ્રારંભે દીપ પ્રાગટયએ બાદ સ્વાગત પ્રવચન ડો. નીતિન ત્રિવેદી દ્વારા કરવામાં આવેલ દીપ પ્રાગટય, સ્વાગત, મહેમાનનોનું સ્વાગત બાદ કવિ વિનોદ રાવલના કાવ્યસંગ્રહ વિશે. સાહિત્યિક આસ્વાદ માટે ગુજરાતના જાણીતા સાહિત્યકાર, વિવેચક, કવિ, લેખક ડો. પથિક પરમાર એ સમગ્રપણે કવિતા અને કવિના ભાવ વિશ્વાસનો ઉઘાડ કરી આપ્યો હતો. પ્રથમ સત્રના વિમોચન કાર્ય બાદ કવિ વિનોદરાવલના અભિવાદનમાં નગરની વિવિધ સંસ્થાઓ અગ્રણીઓ, જ્ઞાતિજનો, પરિવારજનો શુભેચ્છકોએ સામેલ થયા હતાં. સમારોહમાં દ્વિતિય સત્રમાં કવિ ગોપાલ ધકાણના સુચારૂ સંચાલનમાં કાવ્ય પાઠમાં પ્રસિદ્ધ કવિઓ સર્વ ભરત વિંઝુડા, દિલીપ વ્યાસ, પથિક પરમાર, ભરત ભટ્ટ "તરલ" બાલકિશન જોગી, ડો.વિનોદ રાવલ, જયેશ ભટ્ટ, પંકજ ચૌહાણ અને પાયલ ઉનડકટ એ ભાવકોને રસતબોળ કરતી રચનાઓ રજૂ કરી વાહવાહી મેળવી હતી. આ ઉત્સવ સમાન વિમોચન સમારોહમાં અમરેલી જીલ્લાના સાહિત્ય જગતમાં જાણીતા સર્જક, ભાવક એવાં સર્વ છેલભાઈ વ્યાસ, ઉમેશભાઈ જોષી, કાલિન્દી પરીખ, કેસર મકવાણા, રવજીભાઈ કાચા, પરેશ મહેતા, વાસુદેવ સોઢા, ઉદય દેસાઈ, મુકેશ દવે, સ્વાતિબેન જોષી, પંકજભાઈ જોી, મહેન્દ્રભાઈ જોષી, ભરત ઉપાધ્યાય, શીલાબેન મહેતા, વર્ષાબેન જોષી, મુકેશ જોગી, ધર્મેશ ઉનાગર, ફિરોઝ હસનાની, અગન રાજયગુરૂ, ક્રિષ્નાબેન પંડયા, મનીષ રામાણી, શશિભાઈ રાજયગુરૂ, વિજયભાઈ મહેતા સહિતના હાજર રહ્યા હતાં. અમરેલીના નગરનાં પ્રસિદ્ધ અગ્રણી તબીબી સર્વ ડો.એસ.આર.દવે, બી.કે.મહેતા, સ્નેહલ પંડયા, રેખાબેન મહેતા, પી.પી.પંચાલ, ડો.રાકેશ ગુપ્તા, ડો.ઝિતિયા તેમજ રાજકોટના ઉદ્યોગપતિ પ્રતાપભાઈ વસાની, અમરેલીના અગ્રણી સમાજસેવક દિલીપભાઈ પરીખ તથા બ્રહ્મસમાજના અગ્રણીઓ સર્વ એમ.જી.જોષી, ડી.જી.મહેતા, બકુલભાઈ પંડયા, આર.પી.મહેતા, મુકુંદભાઈ મહેતા, હસુભાઈ જોષી, કનુભાઈ જોષી, મહેન્દ્રભાઈ શુકલ, પરેશભાઈ મહેતા, અશ્વિનભાઈ ત્રિવેદી, પંકજભાઈ ત્રિવેદી સહિત અન્ય સ્નેહીઓ, પરિવારજનો, શુભેચ્છકો, હરી ભકતો બહોળી સંખ્યામાં કવિ ડો. વિનોદ રાવલ પ્રત્યે સન્માન ભાવ સહ ઉપસ્થિત રહી રસપૂર્વક બન્ને સત્રમાં ભાવવિભોર થયા હતાં. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે કવિ ભરત વિંઝુડા, બાલકિશન જોગી, ભરતભાઈ રાવલ સહિત સહુએ જહેમત ઉઠાવી હતી.

પાના ૧ ઉપરનું ચાલું
## અમરેલીનાં જીઆઈડીસી વિસ્તારમાં

અધિકારી ઘટના સ્થળે દોડી ગયા હતા. સ્થાનિકોએ માર્ગને ખુલ્લો કરવાનુ કહેવાની સાથે જીઆઈડીસી વિસ્તારમાં દારૂનુ ખુલ્લેઆમ વેચાણ થતુ હોવાનુ પણ પોલીસ અધિકારીને જાહેરમાં કહેતા માર્ગની સાથે મદીરાનો મુદ્દો પણ ચર્ચામાં આવ્યો.

પાના ૧ ઉપરનું ચાલું
## લાઠીનાં ચાવંડ માર્ગ ઉપર

લાઠીથી ચાલીને વિરપુર જતા હોય. તે દરમ્યાન ચાવંડ રોડ ઉપર કોઈ અજાણ્યા વાહનચાલકે પુરઝડપે અને બેફીકરાઈથી વાહન ચલાવી સુરેશભાઈ સાથે ભટકાવી માથાના ભાગે ગંભીર ઈજા કરી તથા શરીરે નાની–મોટી ઈજાઓ કરી મોત નિપજાવી વાહન સાથે નાસી ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

પાના ૮ ઉપરનું ચાલું
## સાવરકુંડલાનાં અમૃતવેલમાં

ગામોમાં જવા મજબૂર થવું પડે તેવી પરિસ્થિતિ ઉભી થયેલી છે. સદરહુ પશુપાલકો પાસે અન્ય કોઈ ખેતીની જમીન નહોય તેમજ તેમના પશુઓ આ ગૌચર જમીન ઉપર નભતા હોય. જેથી હાલ પશુપાલનનો વ્યવસાય કરવો અત્યંત મુશ્કેલ જણાઈ રહ્યો છે. હાલ સરકારની પશુપાલન વ્યવસાય બાબતે જાગૃતતા અને પશુપાલકો માટેના લાભની નીતિઓ હોય અને વર્તમાન સરકાર પશુપાલકોની મુશ્કેલી સાથે ખડેપગે ઊભી હોય. તેવા સંજોગોમાં સરકાર દ્વારા નીમ થયેલા ગૌચર પર મોટા પ્રમાણમાં દબાણ થયેલું હોય તેમ જણાતાં પશુપાલકો કઈ રીતે પશુપાલનનો વ્યવસાય કરી શકે એ પણ એક યક્ષપ્રશ્ન ગણાય.?સદરહુ દબાણના કારણે આ વિસ્તારમાં રહેતા પશુપાલકોએ પશુઓ વેચી અન્ય વ્યવસાય કરવા મજબૂર થવુ પડે તેવી પરિસ્થિતિ સર્જાઈ હોવાનું જાણવા મળેછે.

ઉપરોકત બાબતે સાવરકુંડલા તાલુકા મામલતદાર તેમજ સાવરકુંડલા પ્રાંત અધિકારીને સદરહું દબાણ દૂર કરવા યોગ્ય પગલાં લઈ જરૂરી કાર્યવાહી કરવા આ પશુપાલકોએ લેખિત રજૂઆત કરી છે. આમ પશુપાલકોનાં આ પ્રાણ પ્રશ્ન જેવી સમસ્યાનું તાકીદે યોગ્ય નિરાકરણ લાવવા માટે પશુપાલકોએ સરકારમાં રજૂઆત કરતાં હવે સમગ્ર મામલો અધિકારીના ટેબલે પહોંચ્યોં છે. જો ગૌચર દબાણ થયું હોય તો આ સમસ્યાનું કાયદેસરની કાર્યવાહી હાથ ધરી દબાણ દૂર કરવામાં આવે એ સમયની માંગ પણ ગણી શકાય અને પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલા લોકો માટે જરૂરી પણ ગણાય. તંત્ર દ્વારા યુધ્ધના ધોરણે આ અંગે કાર્યવાહી કરવી જોઈએ. જોઈએ છે હવે આગળ શું થાય છે તે જોવાનું રહ્યું.

## પૂર્ણા યોજના અન્વયે
# અમરેલી જીલ્લામાં ૨૭ હજારથી વધુ કિશોરીઓને પૂર્ણા શકિતનું વિતરણ

અમરેલી, તા. ૩

અમરેલી જિલ્લામાં પૂર્ણા યોજના અન્વયે માસના ચોથા મંગળવારે આંગણવાડી કેન્દ્રની આશરે ૨૭ હજારથી વધુ કિશોરીઓને પૂર્ણા શક્તિનું વિતરણ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા સમગ્ર દેશમાં પોષણ અભિયાનનો શુભારંભ થયો હતો. આ કડીના ભાગરૂપે સપ્ટેમ્બર ૨૦૨૪માં ૦૭ માં પોષણ માસની ઉજવણી કરવામાં આવી રહી છે, રાજયમાં ગાંધીનગર ખાતેથી મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પોષણ માસની ઉજવણીનો પ્રારંભ કરાવ્યો હતો. અમરેલી જિલ્લામાં સપ્ટેમ્બર માસની તા. ૦૧ થી તા. ૩૦ દરમિયાન પોષણ માસની ઉજવણી અંતર્ગત જાગૃત્તિ કાર્યક્રમો યોજાશે.

આ કાર્યક્રમોમાં એનિમિયા, ગ્રોથ મોનીટરીંગ, પૂરક આહાર, પોષણ ભી પઢાઈ ભી સહિતના વિષયોને આવરી લેવાશે, જે સુશાસન, પારદર્શિતા અને કાર્યક્ષમ સેવા પહોંચાડવા ટેકનોલોજી અને સર્વગ્રાહી પોષણ થીમ પર જાગૃત્તિ કાર્યક્રમો યોજાશે.

માસના ચોથા મંગળવારે જિલ્લામાં આંગણવાડી કેન્દ્રની આશરે ૨૭૧૭૨ જેટલી કિશોરીઓને પૂર્ણા શક્તિના ૪ પેકેટસનું વિતરણ થાય છે. કિશોરીમાં પોષણ વધારવાના ઉમદા ઉદેશ સાથે પૂર્ણા યોજના અન્વયે ૧૫ થી ૧૮ વર્ષની કિશોરીઓને આવરી લઈ શાળાએ જતી કિશોરીઓ અને શાળાએ ન જતી કિશોરીઓને પોષણ માટે જરૂરી લાભ આપવામાં આવે છે. કિશોરીઓની આરોગ્ય તપાસ અને આઈ.એફ.એ. ગોળીઓ આપવામાં આવે છે.

આરોગ્ય વિભાગના સહકારથી, આંગણવાડી કેન્દ્ર પર માસના પ્રથમ બુધવારના રોજ મમતા દિને સગર્ભા, ધાત્રી, તથા કિશોરીઓની શારીરિક તપાસ બી.એમ.આઈ અને એચ.બી ટેસ્ટ કરવામાં આવે છે. કેન્દ્ર પર કિશોરીઓને આઈ.એફ.એ. ગોળીનું વિતરણ કરવામાં આવે છે. બાળ લગ્ન અને એનિમિયા દૂર કરવા અને પોષણ યુક્ત આહારની સમજ આપવામાં આવે છે. બાળાઓ અને કિશોરીઓમાં પોષણનું પ્રમાણ વધારવા રાજય સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલા પોષણ માસ અભિયાનમાં જોડાઈએ.

સંકલન અને આલેખન:
ધર્મેશ વાળા–અમરેલી

પાના ૮ ઉપરનું ચાલું
## પત્ની સાળા સાથે પિયર જવા

કામ થતું ન હોય. જેથી તેણીને તેડવા માટે સાવરકુંડલા તાલુકાના ચિખલી આવેલ હોય અને લાલજીભાઈ યુવકના બનેવી થતા હોય અને તેમના બનેવી રંજનબેનને જવા દેવા ન હોય. પરંતુ પોતે બહેનને લઈ જવા હોય જેથી લાલજીભાઈ સુખાભાઈ હાડીયાને મનમાં લાગી આવતા ગત તા. ૩૧ના બપોરના આશરે ૩ વાગ્યે ચિખલી ગામે પોતાના ઘરે પોતે પોતાની મેળે ઝેરી દવા પી મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું
## અમરેલીમાં જીઆઈડીસીનાં માર્ગને

આવેલ રહેણાંક વિસ્તારનાં રહેવાસીઓએ ખાનગી માલીકીની જમીન ખુલ્લી કરતાં બઘડાટી બોલી હતી અને બાદમાં જમીનનાં માલીકે જેસીબીથી જમીનમાં ખોદાણ કરીને પુનઃ વાહન વ્યવહાર અટકાવતાં મામલો ગરમાયો હતો.

આ અંગે ખાનગી જમીનનાં માલીકોએ જીઆઈડીસીનાં અમુક ઉદ્યોગકારો સામે દીવાલ તોડવાનો આક્ષેપ કરીને પોલીસ ફરિયાદ કરવાની તૈયારી કરી હોવાનું જમીનાં માલીકે મીડિયાને જણાવ્યું હતું.


### જાહેર નોટિસ

(કોડ ઓફ સીવીલ પ્રોસીજર–૧૯૦૮નાં ઓર્ડર–૫, રૂલ–૨૦ મુજબ)

**મ્હે.વડિયાનાં પ્રિન્સીપાલ સીવીલ જજ સાહેબ (રવિકુમાર આર.પરમાર)ની કોર્ટમાં, મુ.વડિયા**

વાદી :– પી.જી.વી.સી.એલ. સબ ડિવીઝન – વડિયા, જી – અમરેલી
રે.દિ.મુ.૨૦/૨૦૨૨
મુ.તા.૧૬/૧૦/૨૦૨૪

// વિરૂધ્ધ //

પ્રતિવાદી :– લીલીબેન સાગરભાઈ મકવાણા, રહે.રામપુર, તા. વડિયા, જિ. અમરેલી.

// જાહેર નોટિસ //

આથી તમો પ્રતિવાદીને સદર જાહેર સમન્સ – નોટિસથી જણાવવામાં આવે છે કે, વાદી કંપનીએ તમારા વિરૂદ્ધ લેણી નીકળતી રકમ રૂા.૨૦,૧૩૬.૦૯/– વસુલ મેળવવા અત્રેની કોર્ટમાં દાવો કરેલ હોય, સદર દાવાનાં કામે તમારો લેખીતમાં જવાબ રજુ કરવા તથા તમારો બચાવ રજુ કરવા મુ.તા.૧૬/૧૦/૨૦૨૪ના રોજ કલાક–૧૦.૪૫ વાગ્યે તમો જાતે અથવા તમારા જાણકાર વકિલ મારફત અત્રેની કોર્ટમાં હાજર રહેશો. જો તમે તેમ કરવામાં કસુર કરશો તો તમારી ગેરહાજરીમાં સદરહું દાવા અરજી સાંભળીને એકતરફી નિકાલ કરવામાં આવશે, જેની નોંધ લેશો.

આજ તારીખ : ૦૩/૦૯/૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કો કરી આપ્યા.

તૈયાર કરનાર (કે.બી.સોલંકી) આસીસ્ટન્ટ
સિક્કો
મુકાબલ કરનાર (એમ.એલ.ઝાલા) સીની.કલાર્ક
હુકમથી (વાય.બી.ડોડીયા) રજીસ્ટ્રાર પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ વડિયા



### સમર્પણ શરાફી સહકારી મંડળી લી.બગસરા

**વાર્ષિક સાધારણ સભા નોટિસ**

શ્રી સમર્પણ શરાફી સહકારી મંડળી લી. બગસરાનાં સર્વે સભાસદોને આથી જણાવવામાં આવે છે કે આપણી મંડળીની ૩ જી વાર્ષિક સાધારણ સભા તા.૦૭/૦૯/૨૦૨૪ ને શનિવારનાં રોજ નિચેનાં સ્થળે અને સમયે દર્શાવેલ કાર્યસુચીના કામોનાં નીકાલ માટે મળશે તો દરેક સભાસદોએ હાજરી આપવા નિમંત્રણ છે

તારીખ : ૦૭/૦૯/૨૦૨૪, શનિવાર
સમય : સવારનાં ૯:૦૦ કલાકે
સ્થળ : મંડળીની ઓફિસે



### જાહેર નોટિસ

મોજે.સુર્યપ્રતાપગઢ, ગામ, તાલુકો–કુંકાવાવ, જિલ્લો–અમરેલીનાં હે.આરે.ચો.મી.૦–૯૫–૧૦ વાળી જમીનનાં ખાતા નંબર–૪૧૮ રેવન્યું સર્વે નંબર–૧૫૫/૪ પૈકી ૨, બીન પીયત ખેતીની જમીન

અમો આથી આ જાહેર નોટીસ આપી જાહેર જનતાને જાણકારીએ છીએ કે,

મોજે.– સુર્યપ્રતાપગઢ, ગામ, તાલુકો–કુંકાવાવ, જિલ્લો – અમરેલીના હે.આરે.ચો.મી.૦–૯૫–૧૦ વાળી જમીનનાં ખાતા નંબર–૪૧૮ રેવન્યુ સર્વે નંબર–૧૫૫/૪ પૈકી ૨, બીન પીયત ખેતીની જમીન

(૧) શ્રી વામજા કાળુભાઈ ધનજીભાઈ રહે. સુર્યપ્રતાપગઢ, તા.કુંકાવાવ, જી.અમરેલીનાં સ્વતંત્ર નામે આવેલ છે આ ખેતીની જમીન તેમની સંપુર્ણ માલીકીની, બિન બોજાની, બીન તકરારી તથા ન દાવાવાળી હોવાનું જણાવી અમારા અસીલશ્રીએ વેચાણ રાખવાનું નકકી કરેલ છે.

તો ઉપરોકત જમીન કે તેના કોઈપણ ભાગ, ઉપર કોઈપણ નાણાકીય સંસ્થા, બેંક, કંપની, પેઢી કે સંસ્થા કે કોઈ પણ શખ્સનો કોઈપણ પ્રકારનો હક, હિત, હિસ્સો, સબંધ, લાગભાગ, ભાગીદાર, દાવો, બોજો, ગીરોલીયન, ચાર્જ હોય કે અન્ય હકક જેમ કે ઉપજ–નીપજ, ખેતી, ગણોત, લીઝ લાયસન્સ / કબજો ભોગવટો / બાનાખત કે રહેણાંકનાં કે વારસાઈ કે અન્ય કોઈપણ પ્રકારનાં હક્ક પોસાતા હોય તો જે તે સબંધકર્તા એ વાંધો – તકરારની જાણ આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન–૧૫(પંદર)માં દસ્તાવેજ પુરાવા સહિત લેખિતમાં રજીસ્ટર્ડ પોસ્ટથી નીચેનાં સરનામે અચુક જાણ કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદર જમીન કે તેના કોઈ ભાગપરત્વે અન્ય કોઈનાં કોઈ જ હક્ક, હિત, હિસ્સો, સબંધ, લાગ – ભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો, લીયન, ચાર્જ નથી તેમ માનવામાં આવશે અને હોય તો તે તમામ રાજીખુશીથી જતો યાને (વેઈવ) કરેલ છે તેમ સમજી અને અમારા અસીલ રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજ કરાવી લેશે ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની દાદ, ફરીયાદ કે વિવાદ ચાલશે નહી.

તારીખ : ૦૪/૦૯/૨૦૨૪
સ્થળ : કુંકાવાવ મોટી
રહે. કુંકાવાવ મોટી, શારદા ઝેરોક્ષ, શારદા શોપીંગ સેન્ટર, મુ.કુંકાવાવ મોટી, તા.વડીયા, જિ.અમરેલી. મો.૯૪૨૬૩ ૯૮૯૬૦

**યોગેશ ડી.દવે**
(એડવોકેટ એન્ડ નોટરી)
તે અમારા અસલની સુચનાથી


## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૧૬૦ | ૧૨૪૫ |
| ૨ | શિંગ મોટી | ૧૦૦૫ | ૧૨૧૪ |
| ૩ | શિંગાદાણા ફાડા | ૧૦૦૦ | ૧૫૦૨ |
| ૪ | તલ સફેદ | ૧૮૦૦ | ૨૬૯૩ |
| ૫ | તલ કાળા | ૨૩૦૦ | ૩૪૬૫ |
| ૬ | તલ કાશ્મીરી | ૩૦૦૦ | ૩૨૭૦ |
| ૭ | બાજરો | ૪૧૨ | ૪૭૪ |
| ૮ | જુવાર | ૩૦૦ | ૭૯૭ |
| ૯ | ઘઉં ટુકડા | ૩૪૦ | ૬૦૬ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૯૭ | ૬૧૦ |
| ૧૧ | મગ | ૧૨૧૫ | ૧૫૨૦ |
| ૧૨ | ચણા | ૧૧૮૦ | ૧૫૫૦ |
| ૧૩ | તુવેર | ૧૨૦૦ | ૧૯૯૫ |
| ૧૪ | કપાસ | ૮૭૦ | ૧૬૪૮ |
| ૧૫ | એરંડા | ૧૦૯૨ | ૧૧૪૯ |
| ૧૬ | જીરૂ | ૩૬૪૦ | ૪૫૦૦ |
| ૧૭ | સોયાબીન | ૭૭૦ | ૮૪૬ |
| ૧૮ | વરીયાળી | ૧૨૦૦ | ૧૨૦૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૫૧ | ૧૧૨૧ |
| ૨ | શીંગ મોટી | ૧૧૦૦ | ૧૧૫૧ |
| ૩ | શીંગ નવી | ૬૦૦ | ૬૫૧ |
| ૪ | શીંગ દાણા | – | ૧૩૦૦ |
| ૫ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૫૦૭ |
| ૬ | જીરૂ | ૪૨૦૦ | ૪૬૬૦ |
| ૭ | કપાસ | ૧૧૪૦ | ૧૬૨૧ |
| ૮ | ઘઉં લોકવન | ૫૦૦ | ૬૦૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૫૪૦ | ૬૩૪ |
| ૧૦ | બાજરો | ૪૦૦ | ૫૦૧ |
| ૧૧ | જુવાર | ૬૦૦ | ૭૬૨ |
| ૧૨ | મકાઈ | ૫૮૦ | ૬૦૦ |
| ૧૩ | વાલ | ૨૩૪૦ | – |
| ૧૪ | ચણા | ૧૩૦૦ | ૧૪૦૦ |
| ૧૫ | અસરંડી | ૧૦૦૦ | – |
| ૧૬ | મેથી | ૧૧૪૧ | – |
| ૧૭ | ધાણા | ૯૦૦ | – |
| ૧૮ | સોયાબીન | ૭૮૫ | – |
| ૧૯ | સુવાદાણા | ૧૦૮૧ | – |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૭૫ | ૧૬૬૫ |
| ૨ | જીરૂ | ૪૦૨૫ | ૪૬૨૫ |
| ૩ | ઘઉં | ૪૬૫ | ૫૭૫ |
| ૪ | ચણા | ૧૩૯૨ | ૧૪૫૮ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૫૦૫ |
| ૨ | સોયાબીન | ૭૫૫ | ૭૮૦ |
| ૩ | ઘઉં લોકવન | ૫૦૪ | ૫૫૧ |
| ૪ | ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૩૫ |
| ૫ | બાજરો | ૩૦૦ | ૩૭૦ |
| ૬ | જુવાર | ૩૫૦ | ૬૫૦ |
| ૭ | ધાણા | ૧૦૭૦ | ૧૨૦૦ |
| ૮ | ચણા | ૧૨૭૧ | ૧૪૭૧ |
| ૯ | શીંગદાણા | ૧૪૦૦ | ૧૪૦૦ |
| ૧૦ | મગ | ૧૦૨૦ | ૧૦૨૦ |
| ૧૧ | મગફળી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૨ | તલ સફેદ | ૧૫૪૦ | ૨૨૦૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૨૨૦૦ | ૨૪૪૪ |
| ૨ | કપાસ | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૩ | બાજરો | ૩૬૦ | ૫૩૬ |
| ૪ | ઘઉં ટુકડા | ૫૧૫ | ૬૦૧ |
| ૫ | જુવાર | ૭૭૬ | ૮૧૫ |
| ૬ | ચણા | ૧૩૭૫ | ૧૩૭૫ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ઘઉં | ૪૭૬ | ૫૧૧ |
| ૨ | ચણા | ૧૧૮૬ | ૧૧૮૬ |
| ૩ | તલ | ૨૨૦૦ | ૨૨૦૦ |
| ૪ | ધાણા | ૧૧૬૦ | ૧૧૬૦ |
| ૫ | મગ | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ૬ | બાજરો | ૪૫૫ | ૪૫૫ |
| ૭ | તુવેર | ૧૬૧૦ | ૧૬૧૦ |
| ૮ | સોયાબીન | ૮૩૬ | ૮૩૬ |

# અમરેલી ફાયર ટીમને સન્માનિત કરતા બાર એસોસિએશનના સેક્રેટરી જે.આર. વાળા








જામનગર મુકામે અતિ ભારે વરસાદ પડેલ હોય જે બાબતે અમરેલી ફાયર ટીમને કામગીરી અંગે જામનગર મુકામે તેડાવેલા હોય એમાં પોતાના જીવના જોખમે ખૂબ ભારે વરસાદમાં પણ લોકોના જીવ બચાવતી ફાયર ટીમની કામગીરી બાબતે સન્માનિત કરતા સેક્રેટરી જે.આર.વાળા તથા ખીમરાજભાઈ ગઢવી એડવોકેટ તથા સંદીપભાઈ પંડયા એડવોકેટ તથા અભિષેકભાઈ ગઢવી એડવોકેટએ બધાએ ફાયર ટીમને સન્માનિત કરેલ તથા કામગીરી બાબતે બિરદાવેલ.

## જિલ્લાની જનતાને પડતી પારાવાર પરેશાનીને લઈને કોઈ રજુઆત કરતું નથી

# અમરેલી જિલ્લામાં કોંગી આગેવાનો કુંભકર્ણની નિંદ્રામાં પોઢી ગયા !

**જિલ્લાની જનતા છેલ્લા ૩–૪ દાયકાથી કોંગ્રેસથી વિમુખ થતાં કોંગીજનોનો ઉત્સાહ ગાયબ થઈ ગયો**

**જિલ્લાની જનતાને હવે વિપક્ષની મદદની જરૂર હોય તેવા સમયે કોઈ આગેવાની લેવા તૈયાર નથી**

**આગામી બે મહિના બાદ જિલ્લાની ૪ પાલિકાની સામાન્ય ચુંટણી છતાં કોઈ ચહેલ પહેલ જ નથી**

**પ્રદેશ અને રાષ્ટ્રીય આગેવાનોએ જિલ્લાની મુલાકાત લઈને કોંગ્રેસને ઉભી કરવાની જરૂર**

અમરેલી, તા.૩

અમરેલી જિલ્લાનાં કોંગી આગેવાનો લોકસભાની ચુંટણી પુર્ણ થયાબાદ કુંભકર્ણની નિંદ્રામાં પોઢી જતાં જિલ્લા આજે વિપક્ષ વિહિન બની ગયો હોય તેવું લાગે છે. તો કોંગ્રેસના પાયાનાં કાર્યકરોમાં પણ નેતાઓની નિસ્કીયતા સામે ધુંધવાટનો માહોલ જોવા મળી રહયો છે.

જિલ્લાની જનતા છેલ્લા ૩–૪ દાયકાથી કોંગ્રેસથી વિમુખ થઈ ગઈ છે. આજથી ૭ વર્ષ પહેલા પાટિદાર આંદોલનના કારણે કોંગ્રેસને સ્થાનિક સ્વરાજ અને ૨૦૧૭ની ચુંટણીમાં પ્રચંડ સફળતા મળી હતી. બાદમાં પુનઃ કોંગ્રેસની હાલત દયનીય બની રહી છે.

જિલ્લાની ૧૫ લાખની જનતા આજે બિસ્માર માર્ગો સિંચાઈની વિવિધ સમસ્યાઓથી પરેશાન છે. તો મોટાભાગની સરકારી કચેરીઓમાં ભ્રષ્ટાચાર, અનિયમિતતાની ફરિયાદ ઉભી થઈ રહી છે. તો શિક્ષણ, આરોગ્ય, એસ.ટી., આર.ટી.ઓ., સહિતનાં વિભાગોમાં પણ અનેક પ્રકારની મુસીબત જનતા કરી રહી છે.

જિલ્લાનાં કોંગ્રેસપક્ષનાં મહત્વનાં ગણાતાં ૩ થી ૪ આગેવાનો વિધાનસભાની ચુંટણીમાં પરાજિત થયા બાદ સદંતર નિષ્ક્રીય બની ગયા છે. તેઓ સામાજિક પ્રસંગોમાં ઉપસ્થિત રહીને માત્ર હાજરી પુરાવતા જોવા મળી રહયા છે.

જિલ્લાની ૧૫ લાખની જનતાં આજે નોંધારી બની હોય તેવું ચિત્ર ઉપસી રહયું હોય તેવા સમયે કોંગી હાઈકમાન્ડ એક ટીમ મોકલીને જિલ્લામાં કોંગ્રેસ પક્ષને પુનઃ ચેતનવંતો કરે તેવી માંગ કોંગ્રેસનાં પાયાનાં કાર્યકરો માંગ કરી રહયા છે.

### નગરસેવકોની રજુઆત બાદ

## સાવરકુંડલાનાં વોર્ડ -૩ નાં બિસ્માર માર્ગોની પાલિકાએ મરામત શરૂ કરી

**પાલિકા પ્રમુખ મેહુલ ત્રિવેદીની ઉમદા કામગીરી**



સાવરકુંડલા, તા. ૩

સાવરકુંડલા શહેર વોર્ડ નંબર ૩માં રોડ માર્ગમાં પડેલ ખાડા તથા લેવલીંગ અંગે નગરપાલિકા સદસ્ય દ્વારા સાવરકુંડલા નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદીને રજૂઆત થતાં તુરંત નગરપાલિકા દ્વારા જેસીપી ફાળવવામાં આવેલ. વોર્ડ નંબર ત્રણના જેસર રોડ ફાટક પાસે ગણપતિ ઉત્સવનો તહેવાર ખૂબ ઢુકડો હોય રસ્તો રીપેર કરવો આવશ્યક હોય તેમજ મોક્ષ ધામ ફાટક પાસે રોડ રીપેર કરી મોરમ નાખી, દાસી જીવણ સોસાયટી રોડ ઉપર ચોમાસા દરમિયાન માટી આવી ગઈ તેને દૂર કરી રસ્તાનું લેવલીંગ કરવામાં આવેલ. તેથી વિસ્તારના લોકોમાં હર્ષની લાગણી પ્રસરી જવા પામી હતી. આ વિસ્તારના લોકોએ તંત્રનો આભાર પણ માન્યો હતો.

### સુરત ACBએ એકની ધરપકડ કરી

## ઈમાનદાર AAPના બે કોર્પોરેટરોએ ૧૦ લાખની લાંચ માંગી

**પે એન્ડ પાર્ક'ના કોન્ટ્રાક્ટરે શાકભાજી માર્કેટની જગ્યામાં દબાણ કર્યું હોવાનું જણાવી કોન્ટ્રાક્ટ રદ કરાવવાની ધમકી આપી**

મુંબઈ,તા.૩

વીર શિવાજીની પ્રતિમા તોડવાના કારણે મહારાષ્ટ્રના રાજકારણમાં વિવાદ વધુ ઘેરો બની રહ્યો છે. આ મામલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીથી લઈને સીએમ એકનાથ શિંદે અને ડેપ્યુટી સીએમ અજિત પવારે ઘણી વખત માફી માંગી છે, પરંતુ તેમ છતાં વિપક્ષ ગુસ્સે છે, નારાજ છે અને સરકાર વિરુદ્ધ સતત અવાજ ઉઠાવી રહ્યો છે. આ સમગ્ર વિવાદને બહાદુર શિવાજીના અપમાન સાથે જોડવામાં આવ્યો છે.

આ શ્રેણીમાં મહા વિકાસ આઘાડીએ પણ 'જુતા મારો અભિયાન' શરૂ કર્યું હતું જેના કારણે અજિત પવાર ખૂબ નારાજ થઈ ગયા હતા. હવે તેણે મહા વિકાસ આઘાડી માટે જ ચેતવણીનું કામ કર્યું છે. તેઓ કહે છે કે કેટલાક લોકોએ અમારી વિરુદ્ધ જૂતા મારવાની અભિયાન શરૂ કર્યું હતું. તેમની બાજુથી સીએમ શિંદે, ફડણવીસ અને મારા ફોટા પર જૂતા મારવામાં આવ્યા હતા. પણ તમે મને આવા ચંપલ કેમ મારી રહ્યા છો, હિંમત હોય તો આગળ આવો, તો હું તમને બતાવીશ. શા માટે આવી છેતરપિંડી કરો છો? પોતાની વાતને આગળ વધારતા અજિત પવારે ત્યાં સુધી કહ્યું કે આ મામલે કોઈ રાજનીતિ ન થવી જોઈએ.તેઓ કહે છે કે તમે લોકો જ કહો કે કઈ સરકાર ઈચ્છશે કે આવી ઘટના બને? છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમા તુટી તે ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ છે, તેઓ દરેકના ભગવાન છે. અમે રાજ્યની જનતાની માફી માંગી લીધી છે, હવે રાજનીતિ કરવાની જરૂર નથી. આ પહેલા પણ અજિત પવારે કહ્યું હતું કે રાજ્યના ડેપ્યુટી સીએમ હોવાના કારણે હું મહારાષ્ટ્રની ૧૩ કરોડ જનતાની માફી માંગુ છું. શિવાજી મહારાજ આપણા ભગવાન છે અને તેમની પ્રતિમાનું પડવું એ મારા અને રાજ્યના તમામ શિવપ્રેમીઓ માટે ખૂબ જ દુઃખની વાત છે.

ઉલ્લેખનીય છે કે ૮ મહિના પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સિંધુદુર્ગમાં શિવાજી મહારાજની ૩૫ ફૂટ ઊંચી પ્રતિમાનું ઉદ્ઘાટન કર્યું હતું. મોટી વાત એ હતી કે નેવી ડેના અવસર પર તેમણે આ પ્રતિમા દેશને સમર્પિત કરી હતી. સમય પહેલા છત્રપતિ શિવાજીએ જે રીતે દેશની નૌકાદળનો પાયો નાખ્યો

### જીલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર, સંગ્રહાલય અને બાલભવન આયોજીત

## જીલ્લા કક્ષાની નેશનલ રૂરલ આઈ.ટી.ક્વીઝ અને સાયન્સ સેમીનાર સંપન્ન

**અધિકારીઓ, પ્રોફેસર, શિક્ષકો ઉપસ્થિત રહ્યા**

અમરેલી, તા. ૩

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોસ્ટ) ડી.એસ.ટી. ગર્વમેન્ટઅ ઓફ ગુજરાતની સૂચના એવમ માર્ગદર્શન અનુસાર ડીસ્ટ્રીકટ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર, ચિલ્ડ્રન્સ મ્યુઝિયમ અને બાલભવન, અમરેલી દ્વારા જીલ્લા કક્ષાની નેશનલ રૂરલ આઈ.ટી.કવીઝ અને નેશનલ સાયન્સ સેમીનાર ૩૦ મી ઓગષ્ટ ૨૦૨૪ના રોજ યોજાઈ ગયો.

પધારેલ મહાનુભાવોનું પુષ્પગુચ્છ પ્રદાન કરી સ્વાગત સાથે ડીસ્ટ્રીકટ લેવલ નેશનલ રૂરલ આઈ.ટી.કવીઝ અને નેશનલ સાયન્સ સેમીનારમાં જીલ્લાની વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓ એવમ શિક્ષકઓની વિશેષ ઉપસ્થિતિએ ડીસ્ટ્રીકટ અનોખી ઉપલ્ધી પ્રદાન કરી હતી.

ડીસ્ટ્રીકટ લેવલે રૂરલ આઈ.ટી.કવીઝમાં કુલ ૧૫ વિદ્યાર્થીઓ પસંદગી કરવામાં આવેલ જેમાં (૧) પાટણવાડીયા ભવ્ય જી., ગોઢાવદર પ્રા.શાળા. (૨) ચોવટીયા એચ. તાલીમ પ્રા.શાળા, (૩) જાની રૂદ્રા એસ., ક્રાંકચ પ્રા.શાળા (૪) વઘાસીયા જેસ.આર. ખજુરી પ્રા.શાળા. (૫) જાદવ મસ્તી જે. જીજીબેન ફોરવર્ડ હાઈ. અમરેલી, (૬) વઘેલા ધારાબેન આર. લીલીયા કન્યા શાળા, (૭) મકવાણા અંકુર એ., દિપક હાઈ.અમરેલી (૮) ડેર દેવાંગ પી., મદદ ઈશ્વરિયા પ્રા. શાળા,(૯) રાજોડીયા દીયા એ. મતિરાળા પ્રા. શાળા, (૧૦) ચાપાનેરી નિત્યા એન. જીજીબેન ફોરવર્ડ ગલ્સ હાઈ., અમરેલી, (૧૧) ઝાલા જન્મય એન. કે.બી.ઝાલાવાડીયા હાઈ. અમરેલી (૧૨) ભોગાણી રીકલ એસ., ગમાપીપળીયા પ્રા.શાળા (૧૩) બલદાણીયા અર્પીતા જી. કન્યા શાળા નંબર – ૩, રાજુલા, (૧૪) સોલંકી ખુશી વી., સરસ્વતી વિદ્યામંદિર, અમરેલી (૧૫) ગમારા વિરલ એમ., ભીલડી પ્રા.શાળા, (૧૬) વેઈટીંગ લીસ્ટ અનુસાર વાળા ભુમી કે. કણેર પ્રા. શાળાની પસંદગી કરવામાં આવેલ હતી. જયારે ડીસ્ટ્રીકટ લેવલ નેશનલ સાયન્સ સેમીનારમાં પ્રથમ ક્રમે રાસડીયા હેત્વી સી. ખજુરી પ્રા.શાળા અને દ્વિતિય ક્રમે ભટ્ટ રાજ યોગેશભાઈ, સરસ્વતી વિદ્યામંદિર, અમરેલીની સંદગી કરાવમાં આવી હતી. તથા વેઈટીંગ લીસ્ટમાં ઝાલા જન્મય અને. કે.બી.ઝાલાવાડીયા હાઈ.અમરેલી રહ્યાં.

રાજય કક્ષાની રૂરલ આઈ.ટી.કવીઝમાં ઉપકરોત ક્રમાંક ૧ થી ૧૫માં પસંદગી પામેલ વિદ્યાર્થીઓ સહભાગી બનશે જયારે નેશનલ સાયન્સ સેમીનારમાં પ્રથમ અને દ્વિતિય ક્રમે પસંદગી પામનાર વિદ્યાર્થીઓ અમરેલીનું પ્રભુત્વ કરશે.

ડી.ઈ.ઓ.મનોહર સિંહજી ગોહિલ, ડી.પી.ઈ.ઓ.કે.વી.મીયાણી, ડેપ્યુટી ડી.પી.ઈ.ઓ. જી.એમ. ગોંડલીયા, ડો.વી.એન. પટોળીયા, દિલીપભાઈ દેવમુરારી, ટી.પી.ઈ.ઓ. બી.આર.સી. ઓ,સી.આર.સી.ઓ, શાળાના આચાર્યઓ અને શિક્ષકઓની વિશેષ ઉપસ્થિતિ અને સહકાર સાથેની સહાનુભૂતિ બદલ આભારની લાગણી વ્યકત કરવામાં આવી હતી.

સંસ્થાના મુખ્ય ટ્રસ્ટી જવાહરભાઈ મહેતા એવમ ચેરમેન હેમેન્દ્રભાઈ મહેતા દ્વારા સહભાગી થયેલ તમામ વિદ્યાર્થીઓ શિક્ષકઓ અને પધારેલ મહાનુભાવો પ્રત્ય આભારની લાગણી વ્યકત કરાઈ હતી.

### કૃષિ અને ગ્રામ વિકાસ પરિષદના માધ્યમથી

## અમરેલી જીલ્લાના પ્રગતિશીલ ખેડૂતો સાથેના ૮ મીએ દિલીપ સંઘાણીની ઉપસ્થિતિમાં સંવાદ

**ખેડૂતોને મદદરૂપ થવાનો સહિયારો પ્રયાસ હાથ ધરાશે**



અમરેલી, તા. ૩

કૃષિ અને ગ્રામ્ય વિકાસ પરિષદના માધ્યમ થકી અમરેલી જીલ્લાના સંર્વાગી વિકાસ માટે પ્રયત્નોની શરૂઆત કરવામાં આવી છે. જ્ઞાતી–જાતી કે રાજકીય ભેદભાવ વિના ખેતિ, ગામડાઓ, ખેતમજુરો, દરિયાઈ વિકાસ, ઉદ્યોગોના વિકાસ માટે અમરેલી જીલ્લાની જનતાને લઈને સતત સફળ પ્રયત્ન કરવામાં આવશે.

ભાંગતા ગામડાઓ અને સ્થળાંતર થતા લોકોને સ્થાનિક કક્ષાએ વિકાસ અને સલામતીનું વાતાવરણ મળે તે માટેની પહેલ રાજયના પુર્વ કૃષિમંત્રી અને ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીએ કરી છે.

અમરેલી જીલ્લો ખેતિ આધારિત છે જયાં સિંચાઈની સવલત અને બાગાયતી વિસ્તાર છે તેવા વિસ્તારો માટે સરકારની વિવિધ યોજનાઓ અને કૃષિ વૈજ્ઞાનિકોના માર્ગદર્શન સાથે આગળ વધવા માગતા ખેડુતોને મદદરૂપ બનવામાં આવશે ઉપરાંત ખારાપાટ વિસ્તારના ગામડાઓના ખેડુતો માટે જમીન અને પાણી ધરાવતા વિસ્તારોમાં થતી ખેતિની માહિતી ખારાપાટ વિસ્તારના ગામડાઓને બેઠા કરવા પ્રયત્નો થશે.

તા. ૮.૯.૨૪ના રોજ અમરેલી અમર ડેરી ખાતે અમરેલી જીલ્લાના અપેક્ષિત પ્રગતીશીલ ખેડુતો સાથે સંવાદ કરીને આ પ્રગતિશીલ ખેડુતોના માધ્યમથી ખેતિ અને ખેડુતોને મદદરૂપ થવાના સહિયારા પ્રયત્નો હાથ ધરવામાં આવશે તેમ કૃષિ અને ગ્રામ વિકાસ પરિષદના માધ્યમથી અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા અને હિરેન હિરપરાએ જણાવેલ છે.

### ઈમરાન ખાને પાકિસ્તાન સરકારને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું

## 'જેઓ નિર્ણય લઈ શકે તેમની સાથે જ વાતચીત થશે'

**છેલ્લા કેટલાક દિવસોથી એવી અટકળો ચાલી રહી હતી કે ઈમરાન ખાનની પાર્ટી રાજકીય ગતિરોધ ખતમ કરવા માટે પાકિસ્તાન સરકાર સાથે વાત કરી શકે છે**

નવી દિલ્હી, તા.૩

જેલમાં બંધ પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાને પાકિસ્તાન સરકાર સાથેની વાતચીત અંગેની અટકળોને ફગાવી દીધી છે. ઈમરાન ખાને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે તેઓ તેમની સાથે જ વાત કરશે જે નિર્ણય લેવામાં સક્ષમ હશે. વાસ્તવમાં છેલ્લા કેટલાક દિવસોથી એવી અટકળો ચાલી રહી હતી કે ઈમરાન ખાનની પાર્ટી રાજકીય ગતિરોધ ખતમ કરવા માટે પાકિસ્તાન સરકાર સાથે વાત કરી શકે છે.ઈમરાન ખાને રાવલપિંડીની અદિયાલા જેલમાં કહ્યું, 'જ્યારે પણ વાતચીતનો મુદ્દો ઊભો થાય છે, ત્યારે તેઓ (પાકિસ્તાન સરકાર) ૯ મેની હિંસા અંગે અવાજ ઉઠાવવાનું શરૂ કરે છે. અમે હંમેશા વાતચીત માટે તૈયાર છીએ, પરંતુ અમે તેમની સાથે વાત કરીશું જે નિર્ણય લેશે.ઈમરાન ખાન પોતાના વલણ પર અડગ છે કે દેશને વર્તમાન રાજકીય અસ્થિરતામાંથી બહાર કાઢવા માટે શક્તિશાળી સેના સાથે જ વાતચીત કરવામાં આવશે. પાકિસ્તાન સરકાર પર નિશાન સાધતા પૂર્વ સ્એ કહ્યું, 'જ્યારે પણ વાતચીતનો વિચાર આવે છે ત્યારે સત્તાધારી પક્ષ ૯ મેનો મુદ્દો બનાવે છે. ૯ મેની હિંસા એ સરકારની 'વીમા પોલીસી' છે. જો આ મુદ્દાને સાઈડલાઈન કરવામાં આવશે તો સરકાર પડી જશે.જણાવી દઈએ કે ૯ મે, ૨૦૨૩ના રોજ ઈમરાન ખાન (૭૧)ને અર્ધલશ્કરી રેન્જર્સ દ્વારા ઈસ્લામાબાદ હાઈકોર્ટ સંકુલમાંથી કથિત ભ્રષ્ટાચારના કેસમાં ધરપકડ કરવામાં આવી હતી, ત્યારબાદ હિંસક વિરોધ શરૂ થયો હતો. તેમની પાર્ટીના કાર્યકરોએ કથિત રીતે જિન્નાહ હાઉસ (લાહોર કોર્પ્સ કમાન્ડર હાઉસ), મિયાંવાલી એર બેઝ અને ફૈસલાબાદમાં આઈએસઆઈ બિલ્ડિંગ સહિત એક ડઝન લશ્કરી સંસ્થાઓમાં તોડફોડ કરી હતી. ટોળાએ રાવલપિંડીમાં આર્મી હેડક્વાર્ટર પર પણ હુમલો કર્યો હતો.ઈમરાન ખાને ઓક્સફર્ડ યુનિવર્સિટીના ચાન્સેલરની ચૂંટણીમાં ભાગ લેવાના પોતાના નિર્ણય વિશે પણ વાત કરી હતી. તેણે કહ્યું કે તેની જીત પાકિસ્તાન માટે ગર્વની વાત હશે. ઈમરાને પાકિસ્તાનના સૌથી મોટા પરોપકારી હોવાનો દાવો કર્યો હતો, તેણે બે હોસ્પિટલ અને બે યુનિવર્સિટીની સ્થાપના કરી હતી, જેમાં ત્રીજી યુનિવર્સિટી હાલમાં નિર્માણાધીન છે.

## ભરાયેલા પાણી વચ્ચે જીવના જોખમે જઈને વીજપુરવઠો ચાલુ કરતું યુજીવીસીએલ

**આ બાબતને ધ્યાનમાં રાખીને એમડી અરૂણ મહેશ બાબુના નેતૃત્વ હેઠળ યુજીવીસીએલની ટીમે દિવસરાત જોયા વગર વરસાદના લીધે બંધ થયેલી લાઇનો શરૂ કરી હતી**

અમદાવાદ,તા.૩

રાજયમાં વરસાદના સમયમાં પણ વીજપુરવઠો જાળવી રાખવા માટે ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ (UGVCL)એ શાનદાર કામગીરી બજાવી છે. વરસાદના સમયમાં ભારે અંધારાના લીધે વીજપુરવઠાની ખૂબ જ જરૂરત પડતી હોય છે. આ બાબતને ધ્યાનમાં રાખીને એમડી અરૂણ મહેશ બાબુના નેતૃત્વ હેઠળ યુજીવીસીએલની ટીમે દિવસરાત જોયા વગર વરસાદના લીધે બંધ થયેલી લાઈનો શરૂ કરી હતી.

યુજીવીસીએલની ટીમે જીવના જોખમે કામગીરી બજાવતા ચાલુ લાઈનમાં રિપેરિંગ કર્યુ હતુ. જીવના જોખમે વીજ કંપનીના કર્મચારીઓએ કામગીરી કરી હતી. લોકોએ તેમની કામગીરીને રીતસરની સલામ કરી હતી. યુજીવીસીએલના કર્મચારીઓની કામગીરીના લીધે અંધારપટનો ભોગ બનેલા ગામડાઓમાં વીજપ્રવાહ શરૂ થઈ ગયો હતો. આ કર્મચારીઓ ગળાડૂબ પાણી જ્યાં ચાલવું પણ મુશ્કેલ છે તેની અંદર ઉતરીને કામગીરી કરી હતી. આ કંઈ મેન વિ. વાઈલ્ડનો શો પણ નથી, પણ યુજીવીસીએલના કર્મચારીઓની કામગીરી આ શોથી કંઈ કમ નથી. તમે પણ તેની કામગીરી જુશો તો તેને સલામ કર્યા વગર નહીં રહી શકો. આ પહેલાં વડોદરા વિસ્તારમાં આવેલ ૬૬કેવી વિધુતનગર સબ-સ્ટેશન અને ૬૬કેવી અટલાદરા સબ-સ્ટેશન સંપૂર્ણપણે પાણીમાં ગરકાવ થવાથી તેમનો વીજ પુરવઠો બંધ કરવામાં આવેલ જેમાંથી નીકળતા બધાજ ૧૧કેવી ફિડરો બંધ કરવામાં આવેલ. તા. ૨૯.૦૮.૨૦૨૪ના રોજ પૂરના પાણી ઉતરતા કુલ બે દિવસમાં એટલે કે તા. ૩૦.૦૮.૨૦૨૪ ના રોજ ચાલુ કરીને અભૂતપુર્વ કામગીરી કરવામાં આવી હતી. મધ્ય ગુજરાત વીજ કંપનીની (MGVCL) વડોદરા શહેરની વિવિધ કચેરીઓની ટીમ દ્વારા ચાલુ વરસાદ અને કેડસમા પાણીમાં વીજ પુરવઠો પૂર્વવત કરવા કામગીરી હાથ ધરેલ અને તે માટે ૩૦૦ ડિપાર્ટમેન્ટલ તથા કોન્ટ્રાકટરની ટીમો ફાળવેલ હતી. તેમજ ૩૫ ટીમો દક્ષિણ ગુજરાત વીજ કંપનીમાથી પણ મદદ માટે બોલાવેલ. જેઓએ તા. ૨૯.૦૮.૨૦૨૪ અને ૩૦.૦૮.૨૦૨૪ એમ બે દિવસની અંદર તમામ બંધ થયેલ ફિડરો તેમજ ટ્રાન્સફોર્મરનો વીજ પુરવઠો પૂર્વવત કરી દીધેલ તેમજ અન્ય છૂટા છવાયા બંધ વીજ કનેક્શનની કામગીરી પણ હાથ ધરવામાં આવેલ હતા. ઉપરાંત મધ્ય ગુજરાત વીજ કંપની દ્વારા આણંદ, નડીઆદ, ગોધરા, દાહોદ તેમજ મહીસાગર વિસ્તારની વિવિધ વીજ કંપનીના લાઈન સ્ટાફ કર્મચારીઓએ પણ ભરાયેલ પાણીમાં કામગીરી કરીને વીજ પુરવઠો પૂર્વવત કરી દીધેલ. વધુમાં તે વિસ્તાર માટે ઉત્તર ગુજરાત વીજ કંપનીની પણ ૧૪ ટીમો મદદ માટે બોલાવેલ. MGVCLની વડોદરા તેમજ અન્ય જિલ્લાઓમાં મળીને કુલ ૯૯૨ ગામડાઓ તેમજ ૪૫૫ ફિડરોનો વીજ પુરવઠો ૩૧ ઓગસ્ટ ૨૦૨૪ સુધીમાં પૂર્વવત કરવામાં આવેલ છે.

હાલમાં જે છૂટા છવાયા જગ્યાઓએ કામ બાકી રહેલ હશે તે પણ માહિતી મળ્યે પૂર્ણ કરવામાં આવશે. MGVCL નું ''Centralized Call Centre (CCC)''નર્મદા ભવન, વડોદરા ખાતે કાર્યરત છે. જ્યાં તા. ૨૬થી ૨૯ ઓગસ્ટ સુધીમાં અંદાજિત એક લાખ કરતાં પણ વધુ કોલ રિસીવ થયેલ હતા જે સામાન્ય વરસાદની સિઝન કરતાં પાંચ ગણા વધારે છે.

### રાજયપાલ આચાર્ય દેવવ્રતજીનાં હસ્તે

## બગસરા : કવિ સ્નેહી પરમારને ''સંસ્કાર'' પુરસ્કાર ૨૦૨૪ એનાયત

**સંસ્કાર વિભુષણ માનપત્રથી પણ સન્માન**



બગસરા, તા. ૩

કલા, સાહિત્ય અને અન્ય વિધાઓના ઉતકર્ષ માટે કાર્યરત સંસ્કાર ભારતી ગુજરાત પ્રાંત દ્વારા વિવિધ કલા, સાહિત્ય, સંગીત સહિત વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ પ્રદાન માટે 'સંસ્કાર પુરસ્કાર' અર્પણ કરવામાં આવે છે. જેમાં સાહિત્ય વિભાગ માટે બગસરાના કવિ સ્નેહી પરમારને ' સંસ્કાર પુરસ્કાર–૨૦૨૪ માટે પસંદ કરવામાં આવ્યા છે. તાજેતરમાં આંબેડકર યુનિ. અમદાવાદ ખાતે યોજાયેલ સન્માન સમારંભમાં તેમને ગુજરાતના માનનીય રાજયપાલ આચાર્ય દેવવ્રતજીના વરદ હસ્તે આ સન્માન ઉપરાંત 'સંસ્કાર વિભૂષણ માનપત્ર' પણ અર્પણ કરવામાં આવેલ. પદ્મ જોરાવરસિંહજી જાદવના હસ્તે પણ તેમનું સન્માન કરવામાં આવેલ. સંસ્કાર ભારતીના અધ્યક્ષ અભેસિંહજી રાઠોડ, મહામંત્રી જયદીપસિંહ રાજપૂત, સમગ્ર કાર્યકમના સંયોજક અને જાણીતા કલાવિદ રમણિક ઝાપડીયા સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં કવિના સાહિત્યને ઉપરોક્ત સન્માન દ્વારા પોખવામાં આવ્યું હતું.

## ગૌમાતાનાં નામે ચૂંટણી લડયા, વિજેતા થયા, સરકાર બની હોય કામ શરૂ કરો

# ભાઈ સા'બ : સાવરકુંડલાનાં અમૃતવેલમાં ''ગૌચર'' દબાણ તો દૂર કરો

ગામના પશુપાલકોએ સાવરકુંડલાનાં પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવીને કરી માંગ

ગામનાં સર્વે નંબર ૧૪૪ પૈકી ૧ જેના હે.આર. ચો.મી. ૨૦-૪૭-૧૨ અને અન્ય સર્વે નંબર પર દબાણ

ગામમાં ગૌચર જગ્યા ઓછી બચી અને પશુઓની સંખ્યામાં સતત વધારો થાય છે

ગૌમાતાની જમીન ઉપર દબાણ હોય મહેસુલ વિભાગે આળશ ખંખેરવી જરૂરી







સાવરકુંડલા, તા. ૩

સાવરકુંડલા તાલુકાના અમૃતવેલ ગામે ગૌચર જમીન ઉપર થયેલું દબાણ દૂર કરી કાયદેસરની કાર્યવાહી કરવા અમૃતવેલના પશુપાલકો દ્વારા સાવરકુંડલા તાલુકા મામલતદાર અને પ્રાંત અધિકારીને આવેદન આપ્યું.

વિગત એવી છે કે, સાવરકુંડલા તાલુકાના અમૃતવેલ ગામે સર્વે નંબર-૧૪૪ પૈકી ૧ જેના હે.આરે. ચોમી-૨૦-૪૭-૧૨ અને સર્વે નંબર-૨૨૫/૧ પૈકી ૨ જેના હે.આરે.ચોમી-૯૦-૦૪-૩૧ થી (શ્રી સરકાર) ગૌચરની નીમ જમીન આવેલી છે. સદરહુ જમીન નોંધ નંબર-૨૯૭થી ગૌચર માટે ફાળવેલી છે. પરંતુ હાલ સદરહુ બંને સર્વે નંબરમાં મોટા પ્રમાણમા દબાણ થયેલું જોવા મળે છે. જેના કારણે પશુપાલકોને પશુ ચરાવવા માટે મુશ્કેલી થઈ રહી છે. વળી પશુપાલન વ્યવસાય સાથે સંકળાયેલા લોકોના પશુઓની સંખ્યા આ ગામમાં ખૂબ મોટા પ્રમાણમાં હોય, પશુ ચરાવવા પશુપાલકોને અન્ય

અનુસંધાન પાના ૬ ઉપર

### મકાનમાં રહેલ દુકાનોને ખાલી કરવામાં આવ્યા બાદ

# અમરેલીની જયુબિલી ધર્મશાળાનાં જજરિત મકાન ફરતે સુરક્ષા અર્થે બેરિકેટ લગાવી દેવાયા

### ટ્રાફિકથી ધમધમતાં માર્ગ ઉપર આવેલ મકાનને સુરક્ષિત કરવું જરૂરી હતું





અમરેલી, તા. ૩

અમરેલીનાં રાજમાર્ગો સમા સ્ટેશન રોડ ઉપર આવેલ જિલ્લા પંચાયત સંચાલિત જયુબિલી ધર્મશાળાનું મકાન દાયકાઓથી બિસ્માર બનતાં જર્જરિત મકાનને ફરતે બેરિકેટ લગાવીને નાગરિકોને નજીકથી પસાર થવું ન પડે તેવી વ્યવસ્થા જિલ્લા પંચાયત ધ્વારા કરવામાં આવી છે.

જયુબિલી ધર્મશાળાનાં મકાનમાં ગ્રાઉન્ડ ફલોર ઉપર આવેલ દુકાનોને બંધ કરવાની પણ ફરજ પાડવામાં આવી છે અને જર્જરિત મકાનને જમીનદોસ્ત કરીને ભવિષ્યમાં નવું મકાન બનાવવાની તૈયારીઓ થતી હોવાનું જાણવા મળેલ છે.

# સાવરકુંડલાનાં એસ.ટી. ડેપોનું નામકરણ થયું




સાવરકુંડલા શહેરમાં આવેલ એસ.ટી. ડેપોના પ્રવેશદ્વાર પાસે આવેલ નામનિર્દેશન દર્શાવતું બોર્ડ કે જે તોકતે વાવાઝોડા દરમિયાન ક્ષતિગ્રસ્ત થતાં દૂર કરવામાં આવેલ જેને લાંબી પ્રતિક્ષા બાદ છેલ્લા એક મહિનાથી નવું બોર્ડ લગાવવામાં આવતાં મુસાફરોમાં આનંદની લાગણી વ્યાપી. આ સંદર્ભે સાવરકુંડલા એસ.ટી. ડેપો મેનેજરે જણાવ્યું હતું કે ઘણી ફોર્મલ પ્રોસિઝરને અંતે આ નામ નિર્દેશન દર્શાવતું બોર્ડ પ્રવેશદ્વાર પર લગાવવામાં આવેલ. જો કે આ નામનિર્દેશન દર્શાવતું બોર્ડ લગાવવાથી સાવરકુંડલા એસ.ટી. ડેપોની શોભામાં અભિવૃદ્ધિ થયેલ જોવા મળે છે. જો કે આ બોર્ડ લગાવવા માટે અવારનવાર વર્તમાન પત્રોમાં સમાચાર પ્રકાશિત થયા હતાં. અંતે ઘીના ઠામમાં ઘી પડી જતાં હવે એસ.ટી. ડેપોની સગવડતામાં વધારો થતો જોવા મળે છે. ચલો દેર આયે પર દુરસ્ત આયે એ ન્યાયે પણ હવે નામનિર્દેશન દર્શાવતું બોર્ડ લગાવવાથી સાવરકુંડલા એસ.ટી. ડેપોની શાનમાં વધારો તો થયો અને મુસાફરોને પણ રાહત થઈ.

### સાવરકુંડલાનાં ચિખલી ગામની ઘટના

# પત્ની પિયર જવા તૈયાર થતાં પતિએ ઝેર પી લીધુ

### પતિનું સારવાર દરમિયાન મોત થયું

અમરેલી, તા. ૩

રાજુલા તાલુકાના કાતર ગામે રહેતા રમેશભાઈ સોડાભાઈ બલદાણિયા નામનાં ૩૩ વર્ષિય યુવકની બહેન રંજનબેન પ્રેગ્નેટ હોય અને તેનાથી

અનુસંધાન પાના ૬ ઉપર

### જાગૃત નાગરિકે કાર્યપાલક ઈજનેરને પત્ર પાઠવ્યો

# ધારીનાં માર્ગ-મકાન વિભાગનાં અધિકારીની કાર્યશૈલી સામે તપાસ કરો

### માર્ગોની કામગીરીને લઈને થયો આક્ષેપ

અમરેલી, તા. ૩

સાવરકુંડલાનાં વંડાના જાગૃત્ત નાગરિક અશોક હાવલીયાએ માર્ગ-મકાન વિભાગ (સ્ટેટ)નાં કાર્યપાલ ઈજનેરને પત્ર પાઠવીને ધારીનાં નાયબ કાર્યપાલક ઈજનેરની કાર્યશૈલીની તપાસ કરવાની માંગ કરેલ છે.


**શ્રી સમૃદ્ધિ નાગરિક શરાફી સહકારી મંડળી લિ., અમરેલી ના વાંધા પ્રમાણપત્ર (NOC) બાબત**

Reg.No.REG/AMR/SE/SH/45014/2019

અમારી ઉપરોક્ત નામની મંડળી અમરેલી મુકામે નોંધાયેલ છે. અમારી મંડળીનું કાર્યક્ષેત્ર વધારી સુરત, અમદાવાદ અને ભાવનગરના સમગ્ર જિલ્લાનું કરવા માંગીએ છીએ. જે માટે દરખાસ્ત કરવામાં આવનાર હોવાથી આ વિસ્તારમાં નોંધાયેલ કોઈપણ મંડળીને આ અંગે કોઈ વાંધો કે હરકત હોય તો તેમણે આ જાહેરાત પ્રસિદ્ધ થયાની તારીખથી લેખિતમાં રજૂઆત દિન-૭ ની અંદર શ્રી સમૃદ્ધિ નાગરિક શ.સ.મં.લિ., પહેલો માળ, ટ્રેડ સેન્ટર, જિલ્લા પંચાયત પાછળ, અમરેલી-૩૬૫૬૦૧ તેમજ જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, બહુમાળી ભવન, બ્લોક-સી, ત્રીજો માળ, અમરેલીની કચેરીમાં કચેરીના સમય દરમ્યાન રજુ કરવાના રહેશે. આ સમયગાળામાં કોઈ રજૂઆત નહીં આવે તો "ના વાંધા પ્રમાણપત્ર" મળી ગયુ ગણાશે.

તારીખ : ૦૩/૦૯/૨૦૨૪
સ્થળ : અમરેલી

શ્રી સમૃદ્ધિ નાગરિક શરાફી સહકારી મંડળી લિ., અમરેલી










*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)